સુવિચાર

સારૂ પરિણામ મેળવવા માટે વાતોથી નહીં, પણ રાતોથી લડવુ પડે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




પાટણવાવની સગીરા પર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવનાર નરાધમ ઝડપાયો P-4

Year-16, Issue-96 ■ DATE : 29-07-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પહેલગામ હુમલાના ત્રણેય આતંકીઓ 'ઓપરેશન મહાદેવ' હેઠળ ઠાર મરાયા

**'ઓપરેશન મહાદેવ'નો પ્રારંભ ૨૨મે થી જ કરી દેવામાં આવ્યો હતોઃ લોકસભામાં ગૃહમંત્રી અમિત શાહે કરી જાહેરાતઃ ૨૨મે થી ૨૨ જુલાઇ સુધીમાં ત્રાસવાદીઓની ઓળખ નિશ્ચિત થઇ હતી**



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પહેલગામ હુમલા અને ઓપરેશન સિંદુર પર લોકસભામાં આજે ચર્ચામાં ભાગ લેતા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે જાહેર કર્યુ હતું કે પહેલગામ હુમલામાં સંડોવાયેલા તમામ ત્રણ ત્રાસવાદીઓ ઓપરેશન મહાદેવ હેઠળ ઠાર મરાયા છે. તેઓએ આજે ચર્ચા દરમ્યાન કહ્યું હતું કે ૨૨ એપ્રિલના રોજ નિર્દોષ લોકોની હત્યા કરનાર ત્રાસવાદીઓને ઓળખી લેવામાં આવ્યા હતા અને ઓપરેશન મહાદેવનો પ્રારંભ ૨૨ મે થી જ કરી દેવામાં આવ્યો હતો.

તેઓએ કહ્યું કે આ ઓપરેશન મારફત તમામ ચાર ત્રાસવાદીઓની ઓળખ કરી દેવામાં આવી હતી અને અમોએ આ આતંકીઓને ટેકનીકલ સર્વેલન્સની મદદથી જ સતત તેઓની પ્રવૃતિ પર નજર રાખી હતી અને કોઈ ઉતાવળ કર્યા વગર સલેમાન, ફૈઝલ અફઘાન અને ઝીબ્રાનની ઓળખ નિશ્ચિત કરવામાં આવી હતી.

પહેલગામની બૈસર ઘાટ વેલીમાં તે સહેલાણીઓને ધર્મ પુછીને તેમની હત્યા કરવામાં આવી હતી. ૨૨ જુલાઈ સુધી તેમની ગતિવિધિ પર નજર રાખવામાં આવી હતી અને ગઈકાલે એક ઓપરેશનમાં તેમને ઠાર મારવામાં આવ્યા હતા. શ્રી શાહે કહ્યું કે પહેલગામ હુમલો ૧ વાગ્યે થયો અને ૫ વાગ્યે હું ત્યાં પહોંચી ગયો હતો.

તેઓએ જણાવ્યું કે પહેલગામ હુમલામાં જે રીતે ત્રાસવાદીઓએ હથિયારોનો ઉપયોગ કર્યો હતો અને ગઈકાલે જે રીતે ઓપરેશનમાં ત્રણેય ત્રાસવાદીઓ માર્યા ગયા તેમના હથિયારો તથા કારતૂસોની બેલેસ્ટીક તપાસના આધારે તેઓ આ હુમલામાં સામેલ હોવાની પુષ્ટી થઈ છે. તેમણે જણાવ્યું કે આ ત્રણેય એ ગ્રેડના ત્રાસવાદીઓ હતા અને તેમને આ હુમલા માટે ખાસ તાલીમ આપવામાં આવી હતી.

આજે લોકસભામાં શ્રી અમિત શાહે કહ્યું કે ગઈકાલે આ એન્કાઉન્ટર બાદ સાંજે ૬.૪૬ કલાકે મને સૈન્યના અધિકારીઓએ વિડીયો કોન્ફરન્સ દ્વારા આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે પહેલગામ હુમલાના પગલે ફકત છ દિવસ પહેલા જ જેના લગ્ન થયા હતા તે વિધવા બનીને મારી સામે ઉભી હતી તે દ્રશ્ય હું કદી ભુલી શકીશ નહી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકસભામાં માહિતી આપી હતી કે સુલેમાન, ફૈઝલ અફઘાન અને ઝિબ્રાન નામના ત્રણ આતંકીઓને ગઈકાલે ઠાર મરાયા બાદ તેમના રાઈફલ અને કારતૂસની ચંદીગઢમાં બેલેસ્ટીક તપાસ કરવામાં આવી હતી અને તેને પહેલગામ હુમલામાં જે કારતૂસો મળી આવી હતી તેની સાથે સરખાવવામાં આવી હતી.

તેના પરથી નિશ્ચિત થયુ કે આ ત્રણેય ત્રાસવાદીઓ જ પહેલગામના હત્યારા છે. તેઓએ ઉમેર્યું કે ફૈઝલ લશ્કર એ તોયબાનો કમાન્ડર હતો. અફઘાન અને ઝિબ્રાન પણ એ ગ્રેડના ત્રાસવાદીઓ હતા અને ત્રણેય ઠાર મરાયા છે.

ઓપરેશન સિંદુરમાં આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકસભામા પોતાનો જવાબ આપ્યો છે અને સાંજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ ચર્ચાનો જવાબ આપશે તેની સાથે જ લોકસભામાં પણ ચર્ચા પુરી થઈ જશે. જયારે રાજયસભામાં આજે નવ કલાકની ચર્ચા બાદ પણ વડાપ્રધાન તેનો નીચલા ગૃહમાં જવાબ આપે તેવી શકયતા છે.

## ધો.૯ થી ૧૨ની પ્રારંભીક પરિક્ષા આગામી ૩ થી ૧૩ ઓકટોબર દરમ્યાન લેવાશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અગાઉ ધોરણ-૯થી ૧૨ની પ્રથમ પરીક્ષા ૧૧ સપ્ટેમ્બરથી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન લેવામાં આવનાર હતી, પરંતુ હવે આ પરીક્ષા ૩ સપ્તાહ પાછળ લઈ જવામાં આવી છે. અને આ પરીક્ષા ૩ ઓક્ટોબરથી શરૂ થશે અને ૧૩ ઓક્ટોબરના રોજ પૂર્ણ થશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ એકેડેમિક કેલેન્ડર જાહેર કરી દેવામાં આવે છે. જેમાં સમગ્ર વર્ષ દરમિયાન અભ્યાસના દિવસો તથા પરીક્ષા ક્યારથી શરૂ થશે તે અંગેની વિગતો દર્શાવવામાં આવેલી હોય છે. એકેડેમિક કેલેન્ડર અનુસાર, રાજ્યમાં ધોરણ-૯થી ૧૨ની પ્રથમ કસોટી



૧૧ સપ્ટેમ્બરથી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

શૈક્ષણિક સંગઠનો દ્વારા બોર્ડને રજૂઆત કરતા આ મુદ્દો બોર્ડની ૧૭ જુલાઈના રોજ મળેલી શૈક્ષણિક સમિતિની બેઠકમાં મૂકવામાં આવ્યો હતો. જેથી આ બેઠકમાં પ્રથમ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા માટે રાજ્ય સરકારની મંજૂરી મેળવવા અંગેનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેથી ધોરણ-૯થી ૧૨ની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા માટે સરકાર પાસે મંજૂરી માગવામાં આવી હતી. સરકાર દ્વારા ૨૪ જુલાઈના રોજ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા માટેની મંજૂરી આપવામાં આવી હતી. આ પરીક્ષા માટે જૂન માસથી સપ્ટેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ રહેશે. આમ, પરીક્ષા ત્રણ સપ્તાહ પાછળ લઈ જવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, બોર્ડે જાહેર કરેલા અગાઉના કાર્યક્રમ અનુસાર નવારાત્રિના તહેવારો પહેલા જ પરીક્ષા પૂર્ણ થઈ જતી હતી. જેથી પરીક્ષા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ નવરાત્રિની મજા માણે અને ત્યારબાદ થોડાક દિવસો પછી વેકેશન પડતું હોવાથી સ્કૂલોમાં પાંખી હાજરી થવાની શક્યતા હતી. જેના પગલે હવે નવરાત્રિના તહેવારો ૨ ઓક્ટોબરના રોજ પૂર્ણ થયા બાદ ૩ ઓક્ટોબરથી પરીક્ષાનું આયોજન કર્યું છે.

## બેંકોમાં રૂ.૬૭૦૦૦ કરોડથી વધુની રકમ દાવા વગરની

### અત્યાર સુધી કોઈ ગ્રાહકે, નોમિનીએ કે કાનૂની વારસદારે ક્લેમ નથી કર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સરકારી અને ખાનગી બેંકોમાં કુલ રૂ. ૬૭,૦૦૪ કરોડની દાવા વગરની (અનક્લેમ્ડ) ડિપોઝિટ્સ પડી છે, જેને અત્યાર સુધી કોઈ ગ્રાહકે, નોમિનીએ કે કાનૂની વારસદારે ક્લેમ નથી કરી. માત્ર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એસબીઆઇ માં જ રૂ. ૧૯,૩૨૯.૯૨ કરોડની અનક્લેમ્ડ રકમ છે, જે ઘણાં વર્ષોથી જમા બાદ પણ નથી ઉપાડવામાં આવી. ત્યાર બાદ પંજાબ નેશનલ બેંક (રૂ. ૬૯૧૦.૬૭ કરોડ) અને કેનરા બેંક (રૂ. ૬૨૭૮.૧૪ કરોડ)નું નામ આવે છે, એમ કેન્દ્ર સરકારે જાણકારી આપી છે.




ખાનગી બેંકોમાં આઈસીઆઈસીઆઇ બેંક પાસે રૂ. ૨૦૬૩.૪૫ કરોડ અને એચડીએફસી બેંક પાસે રૂ. ૧૬૦૯.૫૬ કરોડની અનક્લેમ્ડ રકમ છે. કુલ મળીને ખાનગી બેંકોમાં રૂ. ૮૬૭૩.૭૨ કરોડ ક્લેમ વિના પડ્યા છે.

જે સેવિંગ્સ કે કરંટ ખાતાઓમાં ૧૦ વર્ષ સુધી કોઈ લેવડદેવડ ન થાય અથવા ફિક્સ ડિપોઝિટની મેચ્યોરિટી પછી પણ ૧૦ વર્ષ સુધી ક્લેમ ન થાય, તો એ રકમ ડીપોઝીટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડ ડીઇએ ફંડ માં ટ્રાન્સફર કરી દેવામાં આવે છે, જેને આરબીઆઇ સંચાલિત કરે છે.

બિન-બેંકિંગ નાણાકીય સંસ્થાઓ (એનબીએફસીએસ) માટે આ નિયમ લાગુ પડતો નથી. તેમને પોતાની અનક્લેમ્ડ રકમ ડીઇએ ફંડમાં ટ્રાન્સફર કરવાની ફરજ નથી.

રીઝર્વ બેન્કેએ ઉદગમનામનું એક પોર્ટલ શરૂ કર્યું છે, જેના માધ્યમથી લોકો પોતાને નામે તમામ બેંકોમાં પડેલી અનક્લેમ્ડ રકમ શોધી શકે છે. ૧ જુલાઈ ૨૦૨૫ સુધીમાં ૮.૬ લાખથી વધુ લોકો આ પોર્ટલનો ઉપયોગ કરી ચૂક્યા છે.

આ રકમનો ઉપયોગ આરબીઆઇ દ્વારા ડિપોઝિટર્સનાં હિતોની રક્ષા અને લોકોને જાગૃત કરવા જેવાં કામોમાં થાય છે.

## હિમાચલના મંડી જીલ્લામાં વાદળ ફાટતા ૩ના મોત



**મુખ્ય સમાચાર, સિમલા**

હિમાચલ પ્રદેશ જેવા ઉતર ભારતનાં રાજયોમાં મેઘકહેર યથાવત જ રહે. રાજયમા મંડી જીલ્લામાં ફરી અનરાધાર વરસાદ વચ્ચે વાદળ ફાટવાની ઘટના સર્જાતા ત્રણ લોકોના મોત થયા હતા. ઠેકઠેકાણે ભુસ્ખલન થતા ૫૦ થી વધુ વાહનો દબાઈ ગયા હતા. અનેક માર્ગો બંધ થવા સાથે વ્યાપક નુકશાની થઈ હતી. હિમાચલ પ્રદેશના મંડી જીલ્લામાં આજે સવારે ફરી વખત વાદળ ફાટવાને પગલે અનરાધાર વરસાદથી તબાહી સર્જાઈ હતી. ભૂસ્ખલન તથા કાટમાળના ઢગલાથી જીવન વ્યવહાર ખારેવાયો હતો એક વાહન બચાવવાનાં પ્રયાસમાં એક જ પરિવારનાં ત્રણ લોકોનાં મોત નીપજયા હતા. સમગ્ર પંથકમાં ભારે તારાજી સર્જાઈ હતી.

મંડી શહેરમાં પાણીની સાથે કાટમાળ પણ તણાઈને આવતા અનેક લોકોએ સુરક્ષીત સ્થળોએ સ્થળાંતર કરવુ પડયુ હતું. ૫૦ જેટલા વાહનો તેમાં તણાઈ ગયા હતા. સ્થાનિક લોકોનાં કહેવા પ્રમાણે જીંદગીમાં કયારેય જોવા મળ્યા નથી.

સમગ્ર માર્ગો કાટમાળ હેઠળ દટાઈ ગયા હતા. કેટલાંક લોકો પણ દબાયા હોવાની શંકા પછી બચાવ-રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## કંડલામાં રૂ.૧.૫૦ લાખ કરોડના ખર્ચે રાષ્ટ્રીય શિપબિલ્ડિંગ ક્લસ્ટર પ્રોજેક્ટ શરૂ કરાશે


### પોરબંદર અને કચ્છમાં નવા બંદરો સ્થપાશેઃ ભાવનગર, અમરેલી અને વલસાડને શિપયાર્ડ પ્રોજેક્ટ મળશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

પાંચ દરિયાકાંઠાના રાજ્યોમાં શિપબિલ્ડિંગ ક્લસ્ટર વિકસાવવાની ભારતની મહત્વાકાંક્ષી યોજનાના ભાગ રૂપે, ગુજરાતે કંડલામાં લગભગ ૨,૦૦૦ એકર જમીન ફાળવી છે, જેમાં વધારાના સ્થળોની સમીક્ષા હેઠળ છે, એમ એક સમાચાર અહેવાલમાં જણાવાયું છે.

આ પહેલ ઓડિશા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં ફેલાયેલા એક મોટા રાષ્ટ્રીય પ્રોજેક્ટનો એક ભાગ છે, જે લગભગ ૧૫,૦૦૦ એકરને આવરી લે છે અને અંદાજિત રૂ.૧.૫ લાખ કરોડનું રોકાણ આકર્ષે છે.

અહેવાલ મુજબ, ગુજરાત ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને હાલની સુવિધાઓને અપગ્રેડ કરવા માટે નવી શિપબિલ્ડિંગ નીતિનો મુસદ્દો તૈયાર કરવાનું વિચારી રહ્યું છે.



કંડલામાં પ્રસ્તાવિત ક્લસ્ટર ઉપરાંત, રાજ્ય સરકાર આધુનિક શિપયાર્ડ વિકસાવવા માટે ખાનગી ખેલાડીઓને સોંપવા માટે અન્ય જમીનના પાર્સલ ઓળખી રહી છે.

બિઝનેસલાઈનના અહેવાલ મુજબ, પોરબંદર અને કચ્છને નવા બંદરો અને શિપબિલ્ડિંગ ક્લસ્ટર સ્થાપવા માટે મુખ્ય જિલ્લાઓ તરીકે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે, જ્યારે ભાવનગર, અમરેલી અને વલસાડને પણ શિપયાર્ડ પ્રોજેક્ટ્સ માટે વિચારણા હેઠળ છે.

રાષ્ટ્રીય સ્તરે, મહારાષ્ટ્ર ઓળખાયેલી જમીનની દ્રષ્ટિએ આગળ છે, જેમાં દિઘી, જયગઢ, વિજયદુર્ગ અને બાંકોટમાં લગભગ ૫,૮૦૦ એકર જમીન ફેલાયેલી છે. તમિલનાડુમાં, તુતીકોરીન (થુથુકુડી) નજીક લગભગ ૩,૦૦૦ એકર જમીનને ક્લસ્ટર માટે ચિહ્નિત કરવામાં આવી છે જેમાં ગ્રીન વેસલ મેન્યુફેક્ચરિંગ પર વધારાનો ભાર મૂકવામાં આવ્યો છે.

આંધ્રપ્રદેશમાં, શરૂઆતમાં આશરે ૩,૦૦૦ એકર જમીન ઓળખવામાં આવી છે, અને માંગના આધારે વધુ ૨,૫૦૦ એકર જમીનનો વિસ્તાર કરવાની યોજના છે. દરમિયાન, ઓડિશાએ પણ જમીન ફાળવી છે, જે ભારતને જહાજ નિર્માણ માટે સ્પર્ધાત્મક વૈશ્વિક કેન્દ્રમાં પરિવર્તિત કરવાના કેન્દ્રના વિઝનને મજબૂત બનાવે છે.

## લોકમેળાના રાઈડસ સંચાલકોની માંગ સંતોષાઈઃ મોટી રાઈડસના રૂ.૪૫થી વધારે ૫૦ કરાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ કલેકટર તંત્ર અને લોકમેળા સમિતી દ્વારા આગામી તા.૧૪ ઓગષ્ટથી પાંચ દિવસ રેસકોર્ષ ગ્રાઉન્ડમાં આયોજીત કરાયેલા પાંચ દિવસીય જન્માષ્ટમીના લોકમેળા માટે રાઈડસ સંચાલકોએ સરકાર અને વહીવટીતંત્રનું નાક દબાવી એસ.ઓ.પી.માં છુટછાટ મેળવ્યા બાદ મોટી રાઈડસના દરમાં વધારો કરવાની માંગણી સાથે ગઈકાલે યાંત્રિક રાઈડસના પ્લોટની હરરાજીનો બહીષ્કાર કરતા તેની સામે કલેકટર તંત્રએ ઝુકી મોટી રાઈડસના દર રૂા.૪૫ થી વધારી રૂા.૫૦ કરવા માટે વિધીવત મંજુરી આપી દીધી છે.

જે બાદ ગઈકાલે મોકુફ રખાયેલા યાંત્રિક રાઈડસના ઈ.એફ.જી અને એચ.કેટેગરીના પ્લોટની હરરાજી આજે બપોરના ૩૩૦ વાગ્યાથી ફરી જુની કલેકટર કચેરીના કંપાઉન્ડ ખાતે આવેલ પ્રાંત-૧ અધિકારીની કચેરી ખાતે શરૂ થયેલ છે.

જયારે આજે સવારના ૧૧૩૦ વાગ્યે પ્રાંત-૧ અધીકારીની કચેરી ખાતે કેટેગરી બી રમકડાના ૧૨૦, કેટેગરી સી ખાણીપીણીના ૬, કેટેગરી જે મધ્યમ ચકરડીના ૩ પ્લોટ તેમજ કેટગરી કે નાની ચકરડીના ૧૨ પ્લોટ માટેનો ડ્રો યોજવામાં આવ્યો હતો.

જેમાં કુલ ૩૩ પ્લોટની ડ્રો દ્વારા ફાળવણી કરવામાં આવી હતી. આ ચાર કેટેગરીના સ્ટોલ પ્લોટ માટે પુરતી સંખ્યામાં ભરાયેલ ફોર્મ આવેલ નથી. જેમાં રમકડાના ૧૨૦ સ્ટોલ સામે માત્ર ૧૨ જ ભરાયેલા ફોર્મ આવેલ હતાં. જયારે ખાણીપીણીના ૬ સ્ટોલ સાથે ૬ મધ્યમ ચકરડીના ૩ પ્લોટ સામે ૩ અને નાની ચકરડીના ૧૨ પ્લોટ સામે માત્ર ૧૨ જ ભરાયેલા ફોર્મ આવેલ હતાં.

આમ આજના ડ્રો માં ૧૩૧ સ્ટોલ પ્લોટ સામે માત્ર ૩૩ સ્ટોલ પ્લોટનો ડ્રો થતા તેની ફાળવણી કરવામાં આવી છે. જયારે રમકડાના ૧૨૦ માંથી ૧૦૮ સ્ટોલ ખાલી રહયાં છે. અગાઉ પણ ખાણીપીણી અને આઈસ્ક્રીમના ૪૫ સ્ટોલ ખાલી રહેવા પામેલ હતાં. આમ કુલ આ વખતે ૧૫૩ જેટલા પ્લોટ સ્ટોલની કોઈ લેવાલ વેપારીઓની નિરસતાના કારણે થવા પામેલ નથી.

અહીં એ ઉલ્લેખનીય છે કે ગત શનિવારે લોકમેળા સમિતી દ્વારા ખાણીપીણી અને આઈસ્ક્રીમના ૧૮ સ્ટોલ માટે હરરાજી યોજવામાં આવી હતી. જેના થકી ૪૩.૫૮ લાખની આવક લોકમેળા સમીતીને થવા પામી હતી. પ્રથમ દિવસે પણ ૪૫ સ્ટોલમાં કોઈ લેવાલ થયું ન હતું. પરંતુ આ હરરાજીમાં આઈસ્ક્રીમનો એક પ્લોટ રૂા.૪.૫૫ લાખમાં અને કોર્નરનો ખાણીપીણીનો સ્ટોલ રૂા.૧.૧૮ લાખમાં વેચાયો હતો.

જે બાદ હવે આજે રમકડા ખાણીપીણી, મધ્યમ અને નાની ચકરડીના ૩૩ પ્લોટની ડ્રો દ્વારા લોકમેળા સમીતી દ્વારા ફાળવણી કરી દેવામાં આવી છે. તેની સાથોસાથ મોટ રાઈડસના દરમાં રૂા.૫નો વધારો કરવાની રાઈડસ સંચાલકોની માંગણી સ્વીકારી મોટી રાઈડસના રૂા.૫૦ કરવામાં આવેલ છે.

## રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં સવારથી જ મેઘાડંબર

સૌરાષ્ટ્ર-કચ્છમાં સાત દિવસ સુધી મધ્યમથી ભારે વરસાદની આગાહી છે. છતાં રાજકોટ સહિત અનેક સ્થળોએ વરસાદી ડોળ વચ્ચે માત્ર ઝાપટા વરસી રહ્યા છે. આજે સવારે પણ રાજકોટમાં મેઘાડંબર જામ્યો હતો. પરંતુ માત્ર ઝરમર વરસ્યો હતો. બાદ સવારે ૧૦ કલાકે ફરી ઉઘાડ થઇ ગયો હતો.

જામનગરમાં શહેરમાં પણ સમયાંતરે આકાશમાં કાળા ડીંબાગ વાદળોનો જમાવડો જોવા મળે છે.બીજી બાજુ સતત ત્રીજા દિવસે પણ ભારે વરસાદી ડોળ વચ્ચે - દિવસભર મેઘરાજાની હાથતાળીથી શહેરીજનો ખાસ કરી જગતનો તાત થોડો નિરાશ થયો હતો.

શહેરમાં તાપમાનમાંકવધારા-ઘટાડાનો દૌર યથાવત રહ્યો



હતો.જેમાં મંગળવારે સવારે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન મહતમ તાપમાન અડધો ડિગ્રી વધીને ૩૨ ડિગ્રી રહયુ હતુ. જયારે લઘુતમ તાપમાનનો પારો ૨૭.૫ ડિગ્રી પહોંચી ગયો હતો.જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૨ ટકા રહ્યું હતું.તો પવનની ગતિ પ્રતિકલાક ૧૨ કિમિ નોંધાઇ છે. સુસવાટા મારતા પવનના કારણે રાત્રે ટાઢકનો અહેસાસ થતો હતો. મેઘરાજા ની ધમાકેદાર પુનરાગમન કરે ખેડૂતો રાહ જોઈ રહ્યા છે.

વિંછીયામાં સવારના ૬.૩૦ વાગ્યે ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો. ઘટાટોપ અને અંધારભર્યુ વાતાવરણ છે. મેઘ મહારાજા મુળશધાર વરસે તેમ વિંછીયાવાસીઓની પ્રાર્થના છે.

# જામનગરમાં જુગારના ૧૨ દરોડામાં ૧૩ મહિલા સહિત ૬૨ પકડાઈ ગયા રૂ.૮૨ હજારથી વધુનો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના રામેશ્વરનગર, હાલાર હાઉસ, શંકરટેકરી સહિતના વિસ્તારો અને મોહનનગર આવાસમાં પોલીસે દરોડા પાડી જુગાર રમતા સ્ત્રી-પુરૂષોને પકડી પાડ્યા છે. નાગર ચકલામાં એક એપાર્ટમેન્ટમાંથી પણ જુગાર રમતા પાંચ પકડાયા છે. ઉપરાંત લાખાબાવળ, રાવલસર અને જામજોધપુરના વનાણામાં પણ જુગારના દરોડા પડ્યા હતા. કુલ બાર દરોડામાં પોલીસે તેર મહિલા સહિત બાસઠ વ્યક્તિને ઝડપી લઈ રૂપિયા પોણા લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.જામનગરના મોહનનગર આવાસની બિલ્ડીંગ નં.૧૧માં સિટી એ ડિવિઝનના સ્ટાફે દરોડો પાડતા ત્યાંથી અમિત કાળુભાઈ પરમાર, દિવ્યેશ કાળુભાઈ પરમાર, નિમેશ રમણીકભાઈ કુબેર, વસંતબેન જીતેન્દ્રભાઈ ધાંધા, ચાંદની દીપકભાઈ ચૌહાણ નામના પાંચ વ્યક્તિ તીનપત્તી રમતા મળી આવ્યા હતા. પટમાંથી રૂ. ૫૧૫૦ કબજે કરાયા છે.જામજોધપુરના વનાણા ગામમાં જુગાર રમતા માલદે પબાભાઈ બેરા, કાનાભાઈ રામાભાઈ કરમુર, અમરશીભાઈ દેવજીભાઈ પાણખાણીયા, મારખીભાઈ દુદાભાઈ બેરા, રાજશીભાઈ કરશનભાઈ બેરા નામના પાંચ શખ્સને પોલીસે પકડી લઈ રૂ. ૫૯૫૦ કબજે લીધા છે.જામનગરના શંકરટેકરી વિસ્તારના સુભાષપરાની શેરી નં.૧ પાસે ગંજીપાના કૂટતા વિપુલ કનુભાઈ ભીલ, દિલીપ ગોવિંદભાઈ ભીલ, વીજય ઝવેરભાઈ સોલંકી, અનિલ ખીમજીભાઈ મકવાણા, અનિલ હસમુખભાઈ વાઘેલા, જગદીશ ચમનભાઈ નંદા નામના છને પોલીસે પકડી લઈ રૂ. ૧૦૩૦૦ કબજે કર્યા છે.જામનગર નજીકના દરેડ જીઆઈડીસીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા રાજવીર જ્ઞાનસિંહ જાટવ, મોનુ બાલારામ જાટવ, અરવિંદ મોહનસિંહ જાટવ, નંદકિશોર બલવંતસિંહ જાટવ, વિકાસ ભુરેલાલ જાટવ નામના પાંચ શખ્સને પોલીસે પકડી લઈ રૂ. ૧૦૨૦૦ કબજે કર્યા છે.જામનગર-ખંભાળિયા રોડ પર લાખાબાવળ પાસે કર્મચારી સોસાયટીમાં ગંજીપાના કૂટતા આકાશ ગુણવંતરાય શાહ, બશીર અબ્બાસ ભગાડ, વૈશાલીબેન પ્રજ્ઞેશ તરાવીયા, કમુબેન રમેશભાઈ ગોરડીયા, વર્ષાબેન ધર્મેશભાઈ મકવાણા નામના પાંચ વ્યક્તિને પંચકોશી બી ડિવિઝનના સ્ટાફે પકડી લઈ રૂ. ૬૧૭૦ કબજે લીધા છે.જામનગરના નાગનાથ નાકા વિસ્તારમાં આવેલા હેડ ગેવાર ભવન પાસે જુગાર રમાતો હોવાની બાતમી પરથી સિટી બી ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફે પીઆઈ પી.પી. ઝાની સૂચનાથી દરોડો પાડ્યો હતો. ત્યાં ગંજીપાના વડે જુગાર રમતા હરપાલસિંહ શૈલેન્દ્રસિંહ વાઘેલા, રોહિતગીરી તુલસીગીરી ગોસ્વામી, ધર્મેન્દ્ર અમુભાઈ સોલંકી, ઋત્વિકસિંહ ટપુભા જાડેજા, રાજેશ અમુભાઈ સોલંકી, અનિરૂદ્ધસિંહ અજીતસિંહ જાડેજા, તુલસીગીરી ઉમેદગીરી ગોસાઈ નામના સાત શખ્સ મળી આવ્યા હતા. પોલીસે પટમાંથી રૂ. ૫૪૯૦ કબજે કરી કાર્યવાહી કરી છે.જામનગરના રામેશ્વર નગર પાછળ આવેલા ક્રિષ્ના પાર્કમાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમાતો હોવાની બાતમી પરથી સિટી બી ડિવિઝન પોલીસે દરોડો પાડતા ત્યાંથી મુકેશ લક્ષ્મણભાઈ રાઠોડ, વિજય રાજુભાઈ વાગડીયા, શૈલેષ રણછોડભાઈ રાઠોડ, રમેશ મનસુખભાઈ ગોહેલ, જય નિલેશભાઈ કટારીયા, આકાશ કેશુભાઈ રાઠોડ અને મુકુંદ જીવાભાઈ વાળા નામના સાત શખ્સ રૂ. ૧૧,૫૨૦ સાથે પકડાઈ ગયા હતા.જામનગરના નાગર ચકલા વિસ્તારમાં આવેલા શ્રીનાથજી એપાર્ટમેન્ટમાં જુગારની મહેફીલ જામી હોવાની બાતમી મળતા સિટી એ ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફે પીઆઈ એન.એ.ચાવડાની સૂચનાથી દરોડો પાડયો હતો. ત્યાં તીનપત્તી રમતા કલ્પેશ રમણીલાલ લખીયર, નિમેશ હરીશભાઈ ગણાત્રા, ભાવેશ ઉર્ફે લખન મહેશભાઈ મંગી, પૂર્વીબેન ભાવેશભાઈ મંગી, ચેતનાબેન બીપીનભાઈ પારેખ નામના પાંચ વ્યક્તિ ઝડપાઈ ગયા હતા. પટમાંથી રૂપિયા ૧૧,૮૪૦ કબજે કરાયા છે.

જામનગર-ખંભાળિયા માર્ગ પર આવેલા રાવલસરના પાટીયા પાસે રવિવારે બપોરે જાહેરમાં તીનપત્તી રમતા ભરત ડાયાભાઈ બગડા, વિજય હીરાભાઈ પરમાર ઉર્ફે વડો તથા પ્રવીણભાઈ મનજીભાઈ સોલંકી નામના ત્રણ શખ્સને પોલીસે પકડી પાડી ગુન્હો નોંધ્યો છે.જામનગરના ગુલાબ નગર સામે આવેલા મોહનનગરમાં આવાસની બિલ્ડીંગ નંબર સાતમાં જુગાર રમાતો હોવાની બાતમી પરથી સિટી એ ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફે પીઆઈ એન.એ. ચાવડાની સૂચનાથી દરોડો પાડ્યો હતો. ત્યાં આવેલી લોબીમાં રોનપોલીસ રમી રહેલા કૌશિક હરીદાસ સોલંકી, ફાલ્ગુનીબેન વિક્રમભાઈ પરેશા, મીનાબેન હરિદાસ સોલંકી, દીપાબેન કૌશિકભાઈ સોલંકી, રીટાબા જયરાજ સિંહ જાડેજા, ગીતાબેન જગદીશભાઈ જોશી તથા અંજુબેન અજયભાઈ ખારવા નામના સાત વ્યક્તિ મળી આવ્યા હતા. પોલીસ પટમાંથી રૂ. ૭ હજાર કબજે કરી તમામ સામે જુગારધારા હેઠળ કાર્યવાહી કરી છે.કાલાવડ તાલુકાના ધુનધોરાજી ગામમાં શખ્સો એકઠા થઈ જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા હોવાની બાતમી પરથી કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સ્ટાફે દરોડો પાડતા ત્યાંથી જયંતીભાઈ ગોવિંદભાઈ સોંદરવા, ડાયાભાઈ તેજાભાઈ મકવાણા તથા વિઠ્ઠલભાઈ કાનજીભાઈ બાબરીયા, ધરમશીભાઈ ભીખાભાઈ ખીમસુરીયા નામના ચાર શખ્સ મળીઆવ્યા હતા. પટમાથી રૂ. ૧૩૦૦ રોકડા કબજે કરાયા છે.

# હળવદ -ધ્રાંગધ્રા ક્ષત્રિય સમાજની કારોબારી મિટિંગ યોજાઇ




**મુખ્ય સમાચાર, હળવદ**
**રિપોર્ટઃ રમેશ ઠાકોર**

હળવદ -ધ્રાંગધ્રા ક્ષત્રિય સમાજની કારોબારી મિટિંગનું આયોજન શરણેશ્વર મહાદેવ મંદિર, હળવદ ખાતે થયું હતું જેમાં સમાજના વિવિધ મુદાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ સમાજ માં રહેલા કુરિવાજો પર અને વિધવા સહાય, શિક્ષણ ના મુદાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી જેમાં માર્ગદર્શક તરીકે ગુજરાતના ભૂતપૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ કેબીનેટ મંત્રી આઈ. કે. જાડેજા તથા ઝાલાવાડ ક્ષત્રિય સમાજ ના પ્રમુખ રુદ્રસિંહજી ઝાલા સાહેબે સમાજ ને માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ હળવદ-ધ્રાંગધ્રા ક્ષત્રિય સમાજ ના પ્રમુખ દિગ્વિજયસિંહજી ઝાલાના અધ્યક્ષતા માં સફળ બન્યો હતો જેમાં હળવદ તથા ધ્રાંગધ્રા ના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારો ના આગેવાનો, યુવાનો તથા વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર ૧૯૬૨ કરુણા એનિમલ એમ્બ્યુલન્સની સરાહનીય કામગીરી








## દોઢ કલાકની જહેમત બાદ સફળતાપૂર્વક ઓપરેશન પાર પાડી ગૌ વંશને નવજીવન અપાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં કાર્યરત પશુઓ માટેની ૧૯૬૨ કરુણા એમ્બ્યુલન્સ સેવા અબોલ જીવો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ગુજરાત સરકાર દ્વારા ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા સંચાલિત આ નિઃશુલ્ક ફરતું પશુ દવાખાનું ગુજરાતના અનેક ગામડાઓ તેમજ શહેરોમાં પશુઓને તાત્કાલિક સારવાર પૂરી પાડી રહ્યું છે.તાજેતરમાં, જામનગરની વિભાપર ગૌશાળા દ્વારા ૧૯૬૨ હેલ્પલાઈન પર એક ગૌ વંશના પગમાં તકલીફ હોવા અને ચાલી ન શકવા અંગે જાણ કરવામાં આવી હતી. આ માહિતી મળતાં જ, જામનગરની કરુણા એમ્બ્યુલન્સના ડો. જીગરભાઈ કારેણા અને પાઈલોટ કમ ડ્રેસર ભગવાનભાઈ ગલચર તેમજ જામનગર ઝોનના પ્રોગ્રામ મેનેજર ડો. શોએબ ખાન તાત્કાલિક ગૌશાળાએ પહોંચ્યા હતા.

ગૌ વંશની તપાસ કર્યા બાદ, તેના પગના ભાગે ઓપરેશન કરવાની જરૂરિયાત જણાતા, ડો. શોએબ ખાન, ડો. જીગરભાઈ અને પાઈલોટ કમ ડ્રેસર ભગવાનભાઈ ગલચર દ્વારા આશરે દોઢ કલાકની જહેમત બાદ સફળતાપૂર્વક ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. આ ઓપરેશનના કારણે ગૌ વંશને પીડામાંથી મુક્ત કરી નવજીવન મળ્યું હતું.આ સંપૂર્ણ સેવા નિઃશુલ્ક પૂરી પાડવામાં આવી હતી, જેનાથી ગૌશાળાના સેવકોએ સરકાર પ્રત્યે ખુશી અને આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ સફળતાની નોંધ લેતા ૧૯૬૨ અને ૧૦ ના પ્રોગ્રામ મેનેજર ડો. શોએબ ખાન તથા જામનગર જિલ્લાના પ્રોજેક્ટ કોઓર્ડિનેટર ચિંતનભાઈ પંચાલ દ્વારા ૧૯૬૨ કરુણાની ટીમના કાર્યને બિરદાવવામાં આવ્યું હતું. તેમણે જનતાને પણ સરકારની આ નિઃશુલ્ક સેવાનો લાભ લેવા અપીલ કરી હતી.

# જામનગરના ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલ દ્વારા વિવિધ સ્થળોએ માનસિક સ્વાસ્થ્ય અને નશા મુક્તિ અંગે જાગૃતિ અભિયાનનું આયોજન


## માનસિક રોગ અને તેના ઉપચાર, નશા મુક્તિ, અને ટેલીમાનસ હેલ્પલાઇન અંગે લોકોને માહિતી અપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરની જી.જી. સરકારી હોસ્પિટલના માનસિક રોગ ચિકિત્સા વિભાગ દ્વારા જિલ્લાની જાહેર જનતામાં માનસિક રોગ અને તેના ઉપચાર, નશા મુક્તિ, અને ટેલીમાનસ હેલ્પલાઇન અંગે જાગૃતિ લાવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત જામનગરની જાહેર જગ્યાઓ પર લોકોને ઉપરોક્ત મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.ડો. દીપક તિવારી, તબીબી અધિક્ષક અને માનસિક રોગ ચિકિત્સા વિભાગના વડાના માર્ગદર્શન હેઠળ, આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જામનગરના લાખોટા તળાવની પાળ ખાતે ડો. આનંદ ભોજાણીની આગેવાનીમાં, અને એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે ડિસ્ટ્રિક્ટ કન્વીનર ડો.પટેલની આગેવાનીમાં, માનસિક રોગ ચિકિત્સા વિભાગના તબીબો, ઈન્ટર્ન ડોકટરો, નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ અને એડિક્શન ટ્રીટમેન્ટ ફેસિલિટીના તમામ કર્મચારીઓ દ્વારા લોકોને માનસિક આરોગ્ય સંબંધિત વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ માહિતીમાં માનસિક રોગના લક્ષણો, ઉપચાર પદ્ધતિઓ, નશાબંધીના ફાયદા, અને વ્યસનમુક્તિ માટે ઉપલબ્ધ સુવિધાઓ વિશે વિગતવાર જણાવાયું હતું.આ જાગૃતિ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં માનસિક આરોગ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓ હોસ્પિટલ ખાતે વહેલી તકે નિદાન અને સારવ-ાર કરાવી શકે તે સુનિશ્ચિત કરવાનો હતો. આ પ્રયાસના ભાગરૂપે, આરોગ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવતી ટેલીમાનસ હેલ્પલાઇન વિશે પણ વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ હેલ્પલાઇન માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ માટે તાત્કાલિક સલાહ અને સહાય પૂરી પાડે છે. જાગૃતિ ફેલાવવાના હેતુસર મોટા પાયે પેમ્ફલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું, જેમાં માનસિક સ્વાસ્થ્ય સંબંધિત અગત્યની માહિતી અને વિગતો દર્શાવવામાં આવી હતી.

# જામનગરમાં શ્રી કાશી વિશ્વનાથ મંદિરે શ્રાવણ માસનાં પ્રથમ સોમવારે ભસ્મ અને અન્નકોટ દર્શન





જામનગર શહેરમાં આવેલ કે.વી. રોડ પરના પ્રસિદ્ધ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવનાં મંદિરે ભસ્મ અને અન્નકોટ દર્શનનું આયોજન કરાયું હતું. આ દર્શનનો શહેરીજનોને મોટી સંખ્યામાં લાભલઈ ધન્યતા અનુભવી હતી અને રાત્ર સુધી ભક્તોની મોટી કતારો જોવા મળી હતી.

# જામનગરના ધ્રોલમાં ૩ બાળકો રમતા-રમતા પાણી ભરેલા ઊંડા ખાડામાં પડી જતા મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ધ્રોલમાં ૩ બાળકો રમત-રમતમાં પાણી ભરેલા ઊંડા ખાડામાં પડી ગયા હોવાની ઘટના સામે આવી છે.

ખાડામાં ડૂબવાથી બાળકોના મોત નીપજ્યા હતા.૩ બાળકોના ડૂબવાથી મોત.મળતી માહિતી મુજબ, જામનગરના ધ્રોલ તાલુકાના વાંકીયા ગામ ખાતે ખેત મજૂરની ૨ દીકરી અને ૧ દીકરો રમતા-રમતા પાણીના ખાડામાં પડી જવાથી ડૂબ્યા હતા.

આ દુર્ઘટનામાં ત્રણેય બાળકોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. મૃતક બાળકોના મૃતદેહને ધ્રોલ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.એક જ પરિવારના ત્રણ બાળકોના મોતથી પરિવારમાં શોકમાં ગરકાવ થયો. મૃતકમાં વિશાલ, ટીનુબહેન અને શકીના નામ હોવાનું સામે આવ્યું છે.

ત્રણેય બાળકો ઘરની નજીક રમી રહ્યા હતા. આ દરમિયાન પાણીના ખાડામાં પડી જતાં દુર્ઘટના સર્જાઈ હતી.



# કૃશક આંદોલનમાં જોડાવા રાજકોટ શહેર કોંગ્રેસનું આહવાન

## ઉદ્યોગ જેટલી ખેતીને, મહાનગર જેટલો ગામડાઓને અધીકાર મળવા જોઈએઃ ઈન્દ્રનીલ રાજગુરૂ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુવિધા વિહોણા નગર અને ગામડા, તેની મુખ્ય આવક ખેતી, નફાકારક ન હોવાને કારણે શહેરીકરણ વધી રહયુ છે. ત્યારે ગુજરાતના ૬૫% લોકોને તેનો સમાન અધિકાર મળવો જોઈએ. જી.એસ.ટી., ટેકસ બધા ને સરખો ભરવાનો પરંતુ સુવિધા આપવામાં અસમાતા સામે આ આંદોલન છે. વીજળી, પાણી, રો-મટીરીયલ, અન્ય સુવિધા અન્ય વેપાર ઉદ્યોગને ને તાત્કાલીક તો ખેતીને પાણી, વિજળી, ખાતર, દવા વગેરે માટે ફાફા મારવા પડે તે ન ચાલે. આ વાત આજે પત્રકાર પરિષદમાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરૂએ કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે,મહાનગર નો વિકાસ એ જ ગુજરાતનો વિકાસ ગામ અને નગર અને ખેતી આવકો ઉપર સરકાર વિચારે નહી તે ચાલે ! તાર, ફેન્સીંગ, વિમો, વિજળી, પાણી જેવી ખેતી માટે જરૂરી તે માટે ખેડુત સરકાર પર નિર્ભર છે. ખેડુતોને ખેતીમા વેપાર, ઉદ્યોગ જેટલો નફો થાય તો માલીકો ની જેમ ખેડૂત તે પણ સરકારની લાચારી ન કરવી પડે. મહાનગર ઉદ્યોગોનો વિકાસ એ જ ગુજરાતનો વિકાસ નગર અને ગામડામાં બધુ ચાલે આ સામાજીક અને સરકારી માનસીકતા બદલવા માટે કુશક આંદોલન જરૂરી બન્યું છે.

રાજગુરૂએ એ વાતનો ઉલ્લેખ કર્યો કે, લોકશાહીમાં મોટી સંખ્યામાં લોકો અધિકાર માંગે તો ભલભલી સરકાર કે કોઈ પણ રાજકીય ચરમબંધીને જુકવુ જ પડે. ગાંધીજીએ દેશને આઝાદ કરી આપણને દેશના માલીક બનાવ્યા છે. સરકાર ફકત ને ફકત વહીવટ દાર છે. ગુજરાતનાં ૬૫% લોકો ખેતી આવક ઉપર નિર્ભર છે. તે આવકમાં જ તેમનો વિકાસ તથા સુવિધા સભર ગ્રામ્ય જીવન કે જયા પણ મોટી હોસ્પીટલો, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ફંકશન હોલ, મોલ મલ્ટીપ્લેસ, વગેરે સુવિધાઓ આવી શકે જો ખેતીની આવક વધે અને ખેત આધારીત લોકોની ખર્ચ શક્તિ વધે, લોકશાહીમાં જુજ લોકો આંદોલન કરે અને સફળતા મળે એવુ હોતુ નથી, અનેક વ્યક્તિઓ જોડાવાથી એક બહોળો વિચાર પ્રગટ થાય ત્યારે જ લોકશાહીમાં સરકારનું ધ્યાન ખેચાતુ હોય છે. તેમને આહવાન કર્યુ હતું કે વધુમાં વધુ લોકો કૃશક આંદોલનમાં જોડાઇ.

# જામનગરની જી.જી હોસ્પિટલના આઉટ સોર્સના સેનેટરી ઈન્સ્પેક્ટર અને કર્મચારીનું કાસ્તાનઃ ખોટી હાજરી મંજૂર કરાવી સરકારી નાણાની ઉચાપત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ફરીથી ચર્ચામાં આવી છે, અને જી.જી હોસ્પિટલના સેનેટરી ઈન્સ્પેક્ટર તથા તેના એક સાથીદારે સરકારી નાણા પચાવી પાડવા માટેનું કરતુંત કર્યાનું સામે આવ્યું છે. ફરજ પર ન હોય તેવા કર્મચારીના સાત માસના પગારના બિલો મંજૂર કરાવી લઈ સરકાર સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે.જામનગરની સરકારી જીજી હોસ્પિટલના આરએમઓ ડો.પ્રમોદકુમાર રામદાસ સક્સેનાએ જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં જી.જી. હોસ્પિટલના આઉટસોર્સિંગના કોન્ટ્રાક્ટરના કર્મચારી એવા સેનેટરી ઈન્સ્પેક્ટર મકસુદ પઠાણ તેમજ જી.જી. હોસ્પિટલના વર્ગ ચારના કર્મચારી રાજેન્દ્રસિંહ ધીરુભા જાડેજા સામે સરકારી નાણાંની ઉચાપત કર્યાની ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર બંને આરોપીઓએ પોતાના હોદ્દાનો દૂરઉપયોગ કરીને આઉટસોર્સના કર્મચારી કિશન જગદીશભાઈ ગઢવી કે જેઓ નોકરી પર આવતા ન હોય, તેમ છતાં બંને આરોપીઓએ તેની ખોટી હાજરી પુરી, અને દર મહિનાના ૧૨,૮૩૯ લેખે સાત મહિનાના ૮૯,૮૭૩ રૂપિયાના પગાર બિલ બનાવી જી.જી. હોસ્પિટલની વહીવટી કચેરી ખાતેથી મંજૂર કરાવી દીધા હતા, અને સરકાર સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાનું જાહેર કર્યું હતું.આ અંગે સીટી બી. ડિવિઝન ના પી.એસ.આઈ વી.એન.ગઢવીએ બંને કર્મચારીઓ સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૧૬(૫), ૬૧(૨), એ મુજબ ગુનો નોધ્યો છે, અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# રાજકોટની સિવિલ હોસ્પિટલ ફરી ચર્ચાના ચકડોળેઃ ગાયીકાના ભાઇને સારવાર ન આપી નર્સિંગ સ્ટાફે કર્યુ ઉધ્ધત વર્તન

ફરી એકવાર સિવિલ હોસ્પિટલ વિવાદના વમળમાં આવી છે. ગાયીકા અને લોક સાહિત્યકાર મીરાબેન આહિરને પણ સિવિલ હોસ્પિટલના અણઘડ વહીવટ અને બેદરકાર સ્ટાફનો ભોગ બનવું પડ્યું છે. મીરાબેન આહિરે સિવિલ હોસ્પિટલ તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવતો વીડિયો બનાવી સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ કર્યો છે. જેમાં સ્ટાફ દ્વારા અભદ્ર વર્તન કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. ગાયીકા મીરાબેન આહિરે વહેતા કરેલા વીડિયોમાં જણાવ્યું છે કે હું મારા ભાઇને એક્ટીવા સ્લીપ થઇ જતાં ઇજા થવાને કારણે સિવિલ હોસ્પિટલમાં લઇને પહોંચી હતી. અહિ ઇમર્જન્સી વિભાગમાં અમને લગભગ ૪૫ મિનીટ સુધી રાહ જોવડાવાઇ હતી. અહિ કોઇપણ સ્ટાફ દ્વારા મારા ભાઇનો કેસ લખવામાં આવ્યો નહોતો. એ પછી અમારો સમય થઇ ગયો, અમારો જમવાનો સમય થઇ ગયો છે તેમ કહેવાતાં અમે જાતે જ અમારા ભાઇને ચોથા માળે લઇ ગયા હતાં. અહિ વોર્ડમાં પણ મેડમ દ્વારા જેવા તેવા શબ્દો વાપરવામાં આવ્યા હતાં અને અભદ્ર ભાષાનો ઉપયોગ કરાયો હતો.

# ફરિયાદી વિરૂધ્ધ ખોટી અરજીઓ કરી આરોપીઓ ગેરમાર્ગે દોરી રહ્યા છે

## નહેરૂનગર વિસ્તારના યુવાને તેમના પરિવારના જ સભ્યો વિરૂધ્ધ કરી પો. કમિશનરને ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં નહેરૂનગર વિસ્તારમાં રહેતા સમીર યુનુસભાઇ જસરાયાએ પોપટપરામાં રહેતા હારૂન જુસબ ભગાડ, જાવેદ હારૂન ભગાડ વિરૂધ્ધ પોલીસ કમિશનરને અરજી આપી છે. તેમાં જણાવ્યાનુંસાર હારૂન ભગાડ સમીર જસરાયાનાં મામા છે અને જાવેદ ભગાડ તેનો પુત્ર છે. જેઓએ જુલાઇ ૨૦૨૪માં રાજકોટ જિલ્લા કલેકટરને એન્ટી લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ અરજી કરી હતી. જેના અનુસંધાને અમે (સમીર જસરાયા) એ વિવિધ ઓથોરિટી સમક્ષ વખતો વખત અમારો પક્ષ રાખ્યો હતો. જિલ્લા કલેકટરે આજદિન સુધી અમારા વિરૂધ્ધ કોઇપણ ગુન્હો નોંધવા અથવા કાયદેસરની કાર્યવાહી કરવા હુકમ નથી કર્યો. જેનો ખાર રાખીને હારૂન જુસબભાઇ ભગાડ અને તેના પુત્ર જાવેદ હારૂનભાઇ ભગાડએ અમારા વિરૂધ્ધ પોલીસમાં ખોટી અરજીઓ કરી હતી. આમ છતાં અમારા વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગનો ગુન્હો ન નોંધાતા હાલ પણ બંને પિતા-પુત્રએ અમને માનસિક ત્રાસ આપવા એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ખોટી અરજી કરી છે. જે અરજીમાં દર્શાવેલ તમામ હક્કિત ખોટી અને ઉપજાવી કાઢેલી હોવાથી તે ધ્યાને લેવા સમીર યુનુસભાઇ જસરાયાએ પોલીસ કમિશનરને કરેલી અરજીમાં જણાવ્યું છે.

ઉપરોકત લેન્ડ ગ્રેબીંગની અરજીવાળી મિલ્કત સંદર્ભે હાલ રાજકોટનાં ચોથા સિનિયર સિવિલ જજ બી.પી.ઠાકર સમક્ષ અમારા ભાઈનાં પત્ની રજીયાબેન અબ્બાસભાઈ જસરાયાએ સિવિલ દાવો કર્યો છે જે દાવો કોર્ટમાં પેન્ડીંગ હોય જેનો ખાર રાખીને હારૂન જુસબભાઈ ભગાડએ રાજકોટ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં અમારા વિરૂધ્ધ ખોટી અરજી કરીને અમને માનસિક ત્રાસ આપી અમને ખોટા કેસમાં ફીટ કરી દેવાનીધમકી આપતા આવે છે. તેઓનાં ત્રાસથી અમારા મૃતક નાનાભાઈ અબ્બાસ જસરાયાનો પરિવાર પણ માનસિક ત્રાસથી પીડાઇ રહ્યો છે. જે ધ્યાને લેવા પોલીસ કમિશનરને અરજ કરી છે. ઉપરોકત આરોપીઓએ અમારા વિરૂધ્ધ અલગ-અલગ ફરિયાદોનો તથા એન્ટી લેન્ડ ગ્રેબીંગ અરજીનો તથા સિવિલ દાવાનો નિકાલ ન આવતાં હાલની ફરિયાદ અરજી સાથે કોઈ પણ પુરાવો રજૂ કર્યો નથી. જેથી ન્યાયનાં હીતમાં અમારા વિરૂધ્ધ કરેલી અરજીઓનો વિગતવાર રેકોર્ડ મંગાવી તપાસ કરી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૧૭તથા ૨૪૮(વી) મુજબનો ગુનો નોંધવા હુકમ કરવા અરજ કરી છે.

**જામકંડોરણામાં છોટે સરદાર અને ખેડૂત નેતા સ્વ.વિઠ્ઠલભાઈ રાદડીયાની પુણ્યતિથિ નિમિતે સેવાયજ્ઞ શ્રદ્ધાસુમન અર્પણ કરાયા**

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોગો માટેની રાષ્ટ્રીય સ્પર્ધા નામાંકનનો ઈ-પ્રારંભ કરાવ્યો

## ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થવા અવસરે ગુજરાત ૭૫ ડિઝાઈનની થીમ પર આકર્ષક લોગો તૈયાર કરી ૩ લાખનું ઈનામ મેળવવાની નાગરિકોને અમૂલ્ય તક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના ૭૫ વર્ષની આ ભવ્ય યાત્રાના પ્રતીકરૂપે સર્જનાત્મક અને અર્થપૂર્ણ લોગો મંગાવી, તેને રાજ્યના આર્થિક નેતૃત્વ, ટેકનોલોજીકલ પ્રગતિ, સાંસ્કૃતિક પ્રભુતા અને લોકકેન્દ્રિત શાસનને ઉજાગર કરવાનો શુભ આશય આ સ્પર્ધામાં રહેલો છે.

મુખ્યમંત્રીએ સર્જનાત્મકતાની અભિવ્યક્તિના આગવા અવસર સમાન આ લોગો ડિઝાઈન માટેની રાષ્ટ્રીય સ્પર્ધામાં નામાંકનનો Mygov.in પ્લેટફોર્મ પર પ્રારંભ કરાવ્યો હતો. દેશભરમાંથી નાગરિકો પોતે ડિઝાઈન કરેલા લોગો તા. ૨૮ જુલાઈ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન Mygov.in ની https://www.mygov.in/task/gujarat75-years-logo-competition/ લિંક પર સબમીટ કરી શકશે.

આ રાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી પામનાર લોગોને રૂપિયા ૩ લાખનો પુરસ્કાર તેમજ પ્રથમ પાંચ સ્પર્ધકોને મુખ્યમંત્રીના હસ્તે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે.

ગુજરાત@75 વાઈબ્રન્ટ હેરીટેજ, વિઝનરી ફ્યુચરની થીમ સાથે યોજાનારી ગુજરાત@75 લોગો સ્પર્ધામાં લોકોની સહભાગિતા વધારીને તથા લોકોમાંથી જ પ્રાપ્ત થયેલા લોગો થકી એક આગવી ઓળખ ઊભી કરીને ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષના ઉત્સવમાં પોતીકાપણું સુનિશ્ચિત કરવાનો ભાવ અભિપ્રેત છે.

ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, ગૌરવશાળી ઈતિહાસ અને અદભુત વારસા સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે જે વાઈબ્રન્ટ વિકાસ કર્યો છે તેની અભિવ્યક્તિ આ લોગોમાં સ્પર્ધકો ડિઝાઈન કરીને સબમીટ કરી શકશે. સ્પર્ધાના અન્ય નિયમો અને જાણકારી Mygov.in પર ઉપલબ્ધ કરવામાં આવેલા છે.

આ પહેલ ગુજરાતની સ્થાપનાના Gujarat@75માં વર્ષની ઉજવણીને જનભાગીદારીથી સર્વ-સમાવેશક અને સર્વવ્યાપી બનાવવાનો એક નવીન પ્રયાસ છે. એટલું જ નહિં, આ સ્પર્ધા દ્વારા નાગરિકો ગુજરાતના વારસા, પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાઈ શકશે અને વિજેતા થયેલ લોગો ૭૫ માટે એક આગવું ગૌરવ, આગવી ઓળખ અને વિશેષતા બની રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્રીય સ્પર્ધા માટેના નામાંકનનો ઈ-પ્રારંભ કરાવ્યો તે વેળાએ મુખ્ય સચિવ પંકજ જોશી, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ.હસમુખ અઢિયા, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ, સલાહકાર એસ.એસ. રાઠૌર, અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘ, સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને વરિષ્ઠ સચિવઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કપાસમાં ચૂસિયા-જીવાતના સંકલિત વ્યવસ્થાપન માટે પગલાં જાહેર કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કપાસમાં ચુસીયા પ્રકારની જીવાતોના સંકલિત વ્યવસ્થાપન માટે વાવણી બાદ લેવાના પગલાં જાહેર કરવામાં આવ્યા છે. જે અનુસાર ખેતરમાં શેઢાપાળા ઉપર ઉગતા નિંદામણો ખાસ કરીને ગાડર, કાકસી, જંગલી ભીંડા, કોંગ્રેસ ઘાસ, જંગલી જાસૂદ વગેરે પ્રકારના નિંદામણોનો છોડ ઉખાડીને નાશ કરવો.

મોલોમશી તથા તડતડિયાના જૈવિક નિયંત્રણ માટે પરભક્ષી લીલી પોપટી (ક્રાઈસોપા)ની ૨ થી ૩ દિવસની ઈયળોને હેક્ટરે ૧૦ હજારની સંખ્યામાં ૧૫ દિવસના ગાળે બે વખત છોડવી. લીમડાનાં મીંજનું ૫%નું દ્રાવણ અથવા એઝાડીરેક્ટીન જેવી બિનરાસાયણિક તત્વ ધરાવતી ૧૫૦૦, ૩૦૦૦ કે ૧૦,૦૦૦ પી.પી.એમ. દવા અનુક્રમે ૫ લી.,૨.૫ લી કે ૭૫૦ મીલી પ્રતિ હેક્ટરે ઉપયોગ કરવો.

મોલો મશી, સફેદ માખીની મોજણી અને નિયંત્રણ માટે પીળા ચીકણાં પિંજરનો ઉપયોગ કરવો. રાતા ચૂસિયાં અને રૂપલાંના નિયંત્રણ માટે કેરોસીનવાળા પાણીમાં અર્ધ ખુલેલા કે આખા ખુલેલા જીંડવાઓ ખંખેરી રૂપલાં ભેગા કરી નાશ કરવો અથવા છોડ હલાવી અને બે છેડેથી દોરડું પકડી હારમાં ઝડપથી ચાલી રૂપલાઓને નીચે પાડી નાશ કરવો જોઈએ.

આ ઉપરાંત, પ્રાકૃતિક કૃષિમાં ચૂસિયા જીવાતોના નિયંત્રણ માટે ૨૦૦ લિટર નિમાસ્ત્ર (પાણી ભેળવ્યા વિના) એક એકર મુજબ છાંટવું. બ્રહ્માસ્ત્ર, દશપર્ણી અર્ક જેવી બિન રાસાયણિક જંતુનાશકો ૬ થી ૮ લીટર માત્રામાં ૨૦૦ લિટર પાણીમાં ભેળવી એક એકર મુજબ છંટકાવ કરવો. ચૂસિયા જીવાતોના જૈવિક નિયંત્રણ માટે સુક્ષ્મ જૈવિક નિયંત્રકો જેવા કે, વર્ટીસીલીયમ લેકાની અથવા બ્યુવેરીયા બાસીયાના ૫૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં પાકની શરૂઆતની અવસ્થાએ વાતાવરણમાં ભેજ હોય ત્યારે છંટકાવ કરવો જોઈએ.

સફેદ માખીના ઉપદ્રવની શરૂઆત જણાયેથી તેના નિયંત્રણ માટે એઝાડીરેક્ટીન ૧૫૦૦ પી.પી.એમ. ૫૦ મીલી ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો જોઈએ.ટી મોસ્કીટો બગથી થયેલ નુક્શાનનો ભાગ તોડીને નાશ કરવો તથા ખેતરની અંદર છાંયડો ન પડે તેની કાળજી રાખવી. જીવાતની શરૂઆત જણાય તે વખતે એઝાડીરેક્ટીન ૧૫૦૦ પી.પી.એમ. ૫૦ મીલી અથવા બ્યુવેરીયા બાસીયાના નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

આ અંગે વધુ જાણકારી સંબંધિત વિસ્તારના ગ્રામસેવક/ વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)/ નાયબ ખેતી નિયામક(તાલીમ) નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# દાદા ભગવાન ત્રિ-મંદિર ખાતે "કૃષિ ચોપાલ" કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાજેતરમાં ગ્રીન ટીવી ઈન્ડિયા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-તરઘડિયા, એગ્રીકલ્ચર ડીપાર્ટમેન્ટ-રાજકોટ, આત્મા-રાજકોટ, ઈકવીટી હ્યુન્ડાઈ-રાજકોટ, ઈફકો-એમસી, મુથુટ ફાયનાન્સના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય "કૃષિ ચોપાલ" કાર્યક્રમનું આયોજન રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર આવેલ દાદા ભગવાન ત્રિ-મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અંશુ કુમાર અને સચિન ત્રિવેદી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-તરઘડિયા માંથી ડો. એમ.એમ.તળપદા, ડો. જે.એચ.ચૌધરી, ડો. એમ.એલ.પટેલ, આત્મામાંથી એચ.ડી.વાદી, એગ્રીકલ્ચર ડીપાર્ટમેન્ટમાંથી જલ્પા વેગડ, પ્રદીપ મારવાણીયા, વિસ્તરણ અધિકારીઓ, ગ્રામ સેવકો, ઈકવીટી હ્યુન્ડાઈનો સ્ટાફ, ઈફકો-એમસીનો સ્ટાફ, મુથુટ ફાયનાન્સનો સ્ટાફ અને ૩૫૦ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહેમાનોને ઔષધીય પ્લાન્ટ આપીને કરવામાં આવી હતી. અંશુ કુમારે કાર્યક્રમના મહત્વ સમજાવ્યા બાદ કૃષિ વૈજ્ઞાનિક ડો.એમ.એલ.પટેલ એ મગફળી અને કપાસના પાકમાં આવતા રોગ-જીવતના નિયંત્રણ વિશે ચર્ચા કરી હતી. હિરેન કનારા, રીજીયોનલ મેનેજર, મુથુટ ફાયનાન્સ દ્વારા ખેડૂત માટે ફાયનાન્સની યોજનાઓ અંગેની જાણકારી અપાઈ હતી. ઈફકો-એમસીના મયુર ચાવડા એ ઈફકો દ્વારા ઉત્પાદિત વિવિધ પ્રોડક્ટ્સ અને તેના ઉપયોગ અંગે સમજ આપી હતી. કૃષિ વૈજ્ઞાનિક ડો.જે.એચ.ચૌધરી એ આજના સમયની ખુબ જ જરૂરી એવી પ્રાકૃતિક ખેતી અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-તરઘડિયા ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો.એમ.એમ.તળપદા એ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ચાલતી પ્રવૃતિઓ અંગે માહિતી આપી હતી. વિસ્તરણ અધિકારી ભવાનભાઈ એ ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓ એ અગે સમજ આપી હતી. કાર્યક્રમના અંતે પ્રોગ્રેસીવ ખેડૂતોને સર્ટીફીકેટ આપીને સન્માનિત કરાયા હતા.

## ઘેલા સોમનાથના મીનળદેવી મંદિરના પટાંગણને હરિયાળું બનાવતું 'વન કવચ' નું નિર્માણ

# શ્રાવણ માસમાં આસ્થામાં ભળ્યો પ્રકૃતિનો રંગ - ધાર્મિક સ્થળને ખીલવશે ૫૦૦૦ વૃક્ષો

### મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની ઉપસ્થિતિમાં "એક પેડ, મા કે નામ કાર્યક્રમ અન્વયે ૫૦૦૦ રોપાઓનું વાવેતર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોમાસામાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે. ચોતરફ આંખને ઠંડક આપતી હરિયાળી દ્રશ્યમાન થતી જોવા મળે છે. રાજકોટ જિલ્લામાં આવેલું શંકર ભગવાનનું ઘેલા સોમનાથ સૌરાષ્ટ્રના લોકોનું આસ્થાનું પ્રતીક છે. ભગવાન ભોલેનાથના સાનિધ્યમાં અહીં શ્રાવણીયો મેળો ભરાય છે. જેમાં મોટી સંખ્યામાં મહાલવા આસપાસથી લોકો આવે છે.

જસદણના ઘેલા સોમનાથ મંદિર સામે જ ટેકરી પર માતા મીનળદેવીનું મંદિર છે. અહીં પટાંગણમાં ચોતરફ હરિયાળી છવાઈ જાય, તે માટે વન વિભાગ દ્વારા ખાસ અડધા હેક્ટરમાં વન કવચનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ૫૦૦૦ વૃક્ષ ઉછેરના સંકલ્પ સાથે ઘનિષ્ઠ વનીકરણ હાથ ધરવામાં આવ્યું છે.

"એક પેડ, મા કે નામ -૨.૦" કાર્યક્રમ અન્વયે મીનળદેવી મંદિરના પટાંગણમાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. મીનળદેવી મંદિરના પટાંગણમાં ૦.૫ હેક્ટરમાં "વન કવચ "મોડેલ તૈયાર કરવામાં આવેલ છે, જેમાં ફળ, ઔષધિ, સુશોભન અને છાંયડો આપતાં જુદી-જુદી જાતના ૫૦ પ્રકારના એક સાથે ૫૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

વન કવચમાં દેશી આંબો, કરમદા, સેવન, રાયણ, ગુગળ, બહેડો, ખાટી આંબલી, સીતફળ, ગરમાળો, અરીઠા, ગુંદી, મહોડો, ખાખરો, નગોળ, બીલી, અરડુસી, પીપળો, બોરસલી, પીલુ, અર્જુન સાદડ, ગોરસ આંબલી, પારીજાત, કોઠી, ગુંદા, કણજી, પારસ પીપળો, સિદુરી, સરગવો, ફાલસા,આંબળા, ચંદન, શેતુર, જાંબુ, સીસું, પીપળ, કરંજ, લીમડો સહિતના કીમતી વૃક્ષો આવનારા સમયમાં વન કવચને ઘેઘુર વનમાં પરિવર્તિત કરશે.

આ વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવવા સામાજિક વનીકરણ રેન્જ વિંછીયા, નોર્મલ રેન્જ જસદણ, હિંગોળગઢ રેન્જના વન વિભાગનો સ્ટાફ મદદરૂપ બન્યો હતો. આ વિસ્તિરને હરિયાળો બનાવવા આસપાસના ગામના આગેવાનો, સરપંચો, પદાધિકારીઓ, જસદણ તથા વિંછીયાના તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ તથા આસ્થા સ્કૂલના બાળકો, ક્રિષ્ના સ્કૂલના બાળકો જસદણ તથા વિંછીયા પંથકના ૫૫૦ જેટલા પર્યાવરણ પ્રેમીઓ હાજર રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્લોબલ વોર્મિંગ સામે સઘન વૃક્ષારોપણ જ એક માત્ર રસ્તો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણના જતન માટે એક પેડ, મા કે નામ અંતર્ગત જન-જનને આ ઝૂંબેશમાં જોડવાનું અભિયાન શરુ કર્યુ છે, જે યથાર્થ થતું જોવા મળે છે.

# હેવી ગૂડ્સ વ્હીકલ માટે GJ-03-BZ અને GJ-03-CU સીરીઝનું રી-ઓકશન ૦૧ ઓગસ્ટથી શરુ થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી દ્વારા HGV (હેવી ગૂડ્સ વ્હીકલ), ટ્રાન્સપોર્ટ વાહનો માટે GJ-03-BZ અને GJ-03-CU સીરીઝનું રી-ઓકશન તા. ૦૧ ઓગસ્ટથી શરુ કરવામાં આવશે. ગોલ્ડન, સિલ્વર કે અન્ય પસંદગીના નંબર મેળવવા ઇચ્છુકે http://parivahan.gov.in/fancy ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

ઇ-ઓકશનમાં ગોલ્ડન, સિલ્વર કે અન્ય નંબરો મેળવવા માટે તા. ૦૧ ઓગસ્ટથી તા. ૦૫ ઓગસ્ટ દરમિયાન ઓનલાઈન એપ્લિકેશન કરવાની રહેશે. તેમજ તા. ૦૫ ઓગસ્ટથી તા. ૦૭ ઓગસ્ટના રોજ સાંજે ૦૪ કલાક સુધી ઓનલાઇન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા. ૦૮ ઓગસ્ટના રોજ કચેરીમાં ફોર્મ જમા કરાવવાના રહેશે.

ઉલ્લેખનીય છે કે ઉમેદવારે રજીસ્ટ્રેશન કરવા સૌ પ્રથમ parivahan.gov.in પર જઈને ઓનલાઇન સર્વિસ પર કિલક કરવું, ત્યારબાદ fancy number booking પર ક્લિક કરીને પબ્લિક યુઝર પસંદ કરીને આઈ.ડી. બનાવવું. ત્યારપછી સી.એન.એ. ફોર્મ ઓનલાઇન ભરવું અને પસંદગીના નંબરમાં દર્શાવેલી ઓછામાં ઓછી ફી ભરવી. જેના બાદ હરરાજીમાં ભાગ લઈને નંબર મેળવ્યા બાદ ૫ દિવસમાં હરરાજીની બાકીની રકમ ભરવી. બાદમાં આર.ટી.ઓ.ની અપ્રૂવલ લઈ નંબર મેળવવાનો રહેશે.

વાહનનું રજીસ્ટ્રેશન કરાયેલું હોવું જરૂરી છે. અરજદારે વાહન ખરીદીના સાત દિવસમાં સી.એન.એ. ફોર્મ ભરવું ફરજીયાત છે. સમય મર્યાદા બહારની અરજી માન્ય ગણવામાં આવશે નહીં, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા રાજકોટ-અમદાવાદ રોડ પર ડામર વર્ક કરાયું




**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારે વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓને સત્વરે રીપેરિંગ કરીને પૂર્વવત કરવાનો આદેશ આપ્યો છે. જેને ધ્યાને લઈને રાજકોટ જિલ્લામાં સંબંધિત વિભાગો દ્વારા રસ્તા-પુલનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવામાં આવી રહ્યું છે.

જેના ભાગરૂપે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રાજકોટ ડિવિઝન દ્વારા રાજકોટ-અમદાવાદ રોડને સુગમ બનાવવાના હેતુસર માર્ગ મરામતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં રસ્તા પરના ખાડાઓ બૂરીને ડામર વર્ક કરવામાં આવ્યું હતું. જેથી, આ રોડ મોટરેબલ બન્યો હતો.

# ટુ વ્હીલર વાહનો માટે ગોલ્ડન- સિલ્વર નંબરનું ઓનલાઈન ઓકશન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા મોટરસાઈકલ પ્રકારના વાહનો માટે -૦૩- સિરીઝનું ઓનલાઈન ઓક્શન તા.૩૧/૦૭/૨૦૨૫થી શરૂ કરવામાં આવનાર છે. આથી GJ-03-PH તથા અગાઉની સિરીઝના બાકી રહેતા ગોલ્ડન-સિલ્વર નંબર મેળવવા માટે ઇચ્છુક વાહનમાલિકો તેમના વાહનનું રજિસ્ટ્રેશન કર્યા બાદ http://parivahan.gov.in/fancy પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી ઓનલાઈન ઓક્શનમાં ભાગ લઈ શકશે.

આ ઓક્શનમાં ગોલ્ડન-સિલ્વર તથા રેગ્યુલર નંબર મેળવવા તા.૩૧/૦૭/૨૦૨૫ના સાંજે ૦૪ કલાકથી તા.૦૬/૦૮/૨૦૨૫ સુધી ઓનલાઇન એપ્લિકેશન કરવાની રહેશે. તેમજ તા.૦૬/૦૮/૨૦૨૫ના સાંજે ૦૪૦૧ કલાકથી તા.૦૮/૦૮/૨૦૨૫ના સાંજે ૦૪૦૦ કલાક સુધી ઓનલાઇન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૦૪૧૫ કલાકે પરીણામ ઓનલાઇન જાહેર થશે.

અરજદારોએ ઓનલાઈન એપ્લિકેશન કરવા માટે parivahan.gov.in વેબસાઇટ પર જઈ ઓનલાઇન સર્વિસ પર ક્લિક કરવું. ત્યાર બાદ fancy number booking પર ક્લિક કરીને પબ્લિક યુઝર પર આઈ.ડી. બનાવવાનું રહેશે. અને સી.એન.એ ફોર્મ ઓનલાઈન ભર્યા બાદ તેમાં પસંદગીનો નંબર સિલેક્ટ કરી ઓનલાઇન ફી ભર્યા બાદ બિડિંગ હરરાજીમાં ભાગ લઈ શકાશે. ત્યાર બાદ પાંચ દિવસમાં હરરાજીની બાકીની રકમ ભર્યા બાદ આર.ટી.ઓ. કચેરીઓથી એપ્રુવલ લઈ નંબર મેળવી વાહન ખરીદીના સાત દિવસમાં અરજદારે સી.એન.એ.ફોર્મ ભરવાનું રહેશે. તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# હાર્ડવેર એક્સપો આફ્રિકા ૨૫થી ૨૭ નવેમ્બર સુધી નૈરોબી, કેન્યા ખાતે યોજાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ, ગુજરાત - લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા રાજકોટ હાર્ડવેર એસોસિએશન, જામનગર હાર્ડવેર એસોસિએશન અને રેડિકલ કમ્યુનિકેશનના સહયોગથી પ્રથમવાર આંતરરાષ્ટ્રીય સ્તરે હાર્ડવેર એક્સપો આફ્રિકા ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે, જે ૨૫, ૨૬ અને ૨૭ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન કેન્યા ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટર (KICC), નૈરોબી, કેન્યા ખાતે યોજાશે.

આ એક્સપો ભારતના ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વસેલા હાર્ડવેર ઉદ્યોગકારોને વૈશ્વિક બજાર સાથે જોડવાનો મહત્વાકાંક્ષી પ્રયાસ છે. રાજકોટ, જામનગર, મોરબી, ભુજ, ભચાઉ અને મુન્દ્રા જેવા શહેરો હાર્ડવેર ટુલ્સ, ફાસ્ટનર્સ અને ઇન્ડસ્ટ્રિયલ પ્રોડક્ટના ઉત્પાદનમાં જાણીતા છે. સ્થાનિક સ્તરે સફળ હોવા છતાં ઘણા ઉદ્યોગસાહસિકો હજુ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની છાપ છોડી શક્યા નથી.

હાર્ડવેર એક્સપો આફ્રિકા ૨૦૨૫ એ આવા ઉદ્યોગકારોને આંતરરાષ્ટ્રીય ખરીદદારો, ડિસ્ટ્રીબ્યુટર્સ અને વેપાર સાથીદારો સાથે સીધો સંપર્ક સ્થાપિત કરવા માટે એક મંચ પૂરુ પાડશે. નિકાસ દ્વારા વિદેશી વિનિમય લાવવો એ માત્ર એક વ્યવસાયિક તક નહીં, પણ દેશસેવામાં યોગદાન પણ છે.

આ પ્રદર્શનની પૂર્વ તૈયારી અંતર્ગત ખાસ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લઘુ ઉદ્યોગ ભારતી, રાજકોટ હાર્ડવેર એસોસિએશન, જામનગર હાર્ડવેર એસોસિએશન અને રેડિકલ કમ્યુનિકેશનના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. તેમણે આફ્રિકા બજારમાં રહેલી તકો, ભાગ લેવા ની પ્રક્રિયા અને પ્રદર્શનના લક્ષ્યાંકો વિશે ઉદ્યોગસાહસિકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

લઘુ ઉદ્યોગ ભારતી-રાજકોટ ચેપ્ટર, રાજકોટ હાર્ડવેર એસોસિએશન, જામનગર હાર્ડવેર એસોસિએશન અથવા રેડિકલ કમ્યુનિકેશનના અધિકૃત સંપર્ક માધ્યમો દ્વારા સંપર્ક કરો.

# નવાગામના ગોડાઉનમાંથી ૪.૭૫ લાખના ૧૦૮ ગુણી તલની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના છેવાડે આવેલ રાણપુર નવાગામ ખાતે આવેલા આર્યા કોલેટ્રોલ નામની સ્ટોરેજ કંપનીના ગોડાઉનમાંથી તસ્કરોએ ૪.૭૫ લાખ કિંમતના મતના ૧૦૮ ગુણી તલની ચોરી કરી હતી. બનાવ અંગે કુવાડવા પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે.

ચોરીની ઘટના અંગે, આર્યા કોલેટ્રોલ કંપની જે નોઈડા (ઉત્તર પ્રદેશ) ખાતે સ્થિત છે અને અનાજ-કરિયાણાના સ્ટોરેજનું આર.કે. ગેટ નં. હની કામ કરે છે, તેના ગુજરાત સ્ટેટ હેડ સંજીવકુમાર રાજેન્દ્રપ્રસાદ શ્રીવાસ્તવે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, રાણપુર નવાગામ ખાતે વાંકાનેર હાઈવે પર આર.કે. ગેટ નં. પાર.કે. ગેટ નં. ૯ની સામે આવેલ જેન્તીભાઈ દેવરાજભાઈ કાકડીયાના વેરહાઉસને કંપનીએ ચાર મહિનાથી ભાડે રાખેલું છે. આ ગોડાઉનમાં ૨૨,૭૦૨ ગુણી તલ સ્ટોર કરેલા હતા. ગોડાઉનના સુપરવાઈઝર અભિષેક વિનુભાઈ વનાળીયાએ તા. ૧૪/૦૭ ના સવારે સાડા દસેક વાગ્યે સંજીવકુમારને ફોન કરી ચોરીની જાણ કરી હતી.

તેમણે જણાવ્યું કે, ૧૨/૦૭ના સાંજે છ વાગ્યે ગોડાઉન બંધ કરી તાળું મારી દેવાયું હતું. જોકે, તા. ૧૪/૦૭ના સવારે સિક્યુરિટી ગાર્ડ ભરતભાઈ જાદ બારીનો કાચ તૂટેલો અને બારી પાસે જણાવ્યું. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, અજાણ્યા શખ્સોએ બારી તોડી ૧૦૮ ગુણી તલ ( કિંમત ૪.૭૫ લાખની ચોરી કરી હતી. ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધ્યો વધુ તપાસ હાથ ધરી છે.

# ડિવિઝનલ રેલવે હોસ્પિટલ રાજકોટ દ્વારા 'વિશ્વ હેપેટાઈટિસ દિવસ' ના ઉપલક્ષ્યમાં જાગૃતતા કાર્યક્રમનું આયોજન




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ડિવિઝનલ રેલવે હોસ્પિટલ, રાજકોટ ખાતે હાલ માં ૨૮ જુલાઈ, ૨૦૨૫ ના રોજ 'વિશ્વ હિપેટાઈટિસ દિવસ' નિમિત્તે જાગૃતતા કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૨૫ થી વધુ રેલવે કર્મચારીઓ અને તેમના પરિવાર જનો એ જાણકારી મેળવી હતી.

આ કાર્યક્રમ માં ડોક્ટર શ્રીકાંત દ્વારા હિપેટાઈટિસ એટલે શું? એના પ્રકારો, કારણો એ વિષય પર વિસ્તૃત માહિતી આપી હતી જેમાં યકૃત એ માનવ શરીર નું ખૂબ જ મહત્વ નુ ઓર્ગન છે અને તેમાં થતા વિવિધ વાઈરલ ઇન્ફેક્શન ને હિપેટાઈટિસ કહેવાય જેના વિવિધ કારણો દર્શાવ્યા હતા. આ કડીમાં ડોક્ટર અરુણ પ્રગદિશ એ તેની સારવાર, બચાવ ના ઉપાયો અને સ્વસ્થ યકૃત નુ મહત્વ જણાવ્યું હતું. આ કાર્યક્રમ ના અંતે મુખ્ય ચિકિત્સા અધિક્ષક ડોક્ટર રાજકુમાર એ સરળ ભાષામાં ઉપસ્થિત લોકોને વેક્સિન, હિપેટાઈટિસ થવા ના કારણો, ટેસ્ટ, લક્ષણો અને સારવાર વગેરે ની માહિતી આપી કાર્યક્રમ નું સમાપન કર્યું હતું. આ સાથે વિશ્વ હિપેટાઈટિસ દિવસ નિમિત્તે રેલવે હોસ્પિટલ ના અધિકારીઓ, ડોક્ટરો, ગૃપ સી અને ડી ના તમામ કર્મચારીઓ ને રસીકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નું સફળ આયોજન અને રસીકરણ માટે ચીફ મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો રાજકુમાર ના માર્ગદર્શન હેઠળ ડોક્ટર દિપિકા, ડો ક્રિષ્ના,એ એન ઓ પલ્લવી ક્રિસ્ચિયન, સી એન એસ અવની ઓઝા, ચીફ ફાર્માસિસ્ટ ડી એસ શર્મા એ જહેમત ઉઠાવી હતી.

# ઉછીના પૈસા પરત માંગતા જ મિત્રએ આપી જાનથી મારી નાખવાની ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મિત્રને ઉછીના આવેલા રૂપિયા પરત માંગતા જ કોન્ટ્રાકટરને જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, યુનિવર્સિટી રોડ પર આવેલી સરીતાવિહાર સોસાયટીમાં રહેતા અને કોન્ટ્રાકટર તરીકે વ્યવસાય કરતા ૪૦ વર્ષી ય મેઘરાજસિંહ ભભગરથસિંહ જાડેજાએ મિત્ર રવિરાજસિંહ ઝાલા સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત ૨૯ જૂનના સવારે ૧૦૩૦ વાગ્યે રવીરાજસિંહ ઝાલાએ ફોન કરીને તાત્કાલિક રૂ. ૩૫,૦૦૦ની જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું અને થોડા દિવસમાં રૂપિયા પરત કરવાનું વચન આપ્યું હતું. આ અંગે બંનેએ કોટેચા ચોક ખાતે મળ્યા હતા ત્યારે મેઘરાજસિંહે મિત્રને નાણાકીય મદદની તૈયારી દર્શાવી ૧૮ હજાર ગૂગલ પે મારફતે આપ્યા હતા.

ત્રણ દિવસ પછી મેઘરાજસિંહે મિત્ર પાસે પૈસા પરત માંગતા તે વારંવાર બહાનાં બનાવતો હતા. દરમિયાન ૧૩ જુલાઈ ના રાત્રે ૯ વાગ્યે રવીરાજસિંહે મેઘરાજસિંહને ફોન કરીને ધમકી આપી કે, "તારા પૈસા આપવા નથી, તારાથી થાય તે કરી લે. હું એજી ચોકમાં છું, આવ, મારી પાસે ગન છે, તને આજે મારી જ નાખીશ.' ઘટના અંગે પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગિરિરાજ કુમાર મીનાએ રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજરનો કાર્યભાર સંભાળ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગિરિરાજ કુમાર મીનાએ રાજકોટ ડિવિઝનના નવા ડિવિઝનલ રેલવે મેનેજરનો કાર્યભાર સંભાળી લીધો છે. ડિવિઝનલ રેલવે મેનેજર - રાજકોટ તરીકેનો કાર્યભાર સંભાળતા પહેલા તેઓ ઉત્તર પશ્ચિમ રેલવેમાં FA & CAO (General) એટલે કે નાણાકીય સલાહકાર અને મુખ્ય લેખા અધિકારી (સામાન્ય) ના પદ પર કાર્યરત હતા. ભારતીય રેલવે લેખા સેવા (IRAS) ના ૧૯૯૬ બેચના વરિષ્ઠ અધિકારી ગિરિરાજ કુમાર મીનાએ યુનિવર્સિટી ઓફ રાજસ્થાન, જયપુર થી માનવ શાસ્ત્રમાં માસ્ટર ઓફ આર્ટસ (એમ.એ.) કર્યું છે. તેમણે પશ્ચિમ રેલવે, મધ્ય રેલવે, ઉત્તર પશ્ચિમ રેલવે અને બનારસ લોકોમોટિવ વર્ક્સ, વારાણસીમાં વિવિધ મહત્વપૂર્ણ પદો પર કાર્ય કર્યું છે. ગિરિરાજ કુમાર મીનાને વર્ષ ૨૦૧૬ માં પશ્ચિમ રેલવેમાં નાયબ મુખ્ય વહીવટી અધિકારી (ટ્રાફિક) તરીકે કાર્ય કરતા ઉત્કૃષ્ટ કાર્ય પ્રદર્શન બદલ રેલ મંત્રાલય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. મીના વિવિધ અભ્યાસો તથા પુસ્તકો વાંચવામાં ઊંડો રસ ધરાવે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# હિરાસર એરપોર્ટમાં પાર્કિંગ લોન્જ ખુલ્લુ મુકવા રજુઆત



### એરપોર્ટના પીકઅપ પોઇન્ટ ઉપર કોર્નર સ્પેસ આપવા ટેક્સી એસોશિએશનની માંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હિરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટમાં ખાતે ટેક્સી પાર્કિંગ ચાર્જને લઇ ચાલતા વિવાદમાં કેબ એસોશિએશન જામનગરની આગેવાની હેઠળ ટેક્સી ચાલકોએ જિલ્લા કલેક્ટરને વિવિધ મુદ્દે રજુઆત કરી એરપોર્ટમાં પાર્કિંગ લોન્જ ખુલ્લુ મુકવા તેમજ ટેકસી પાસીંગ કાર માટે ડ્રોપીંગ-પીકઅપના ચાર્જમાં કરેલા વધારા મામલે રજુઆત કરી એરપોર્ટમાં ફ્રી પાર્કિંગ, પીકઅપ પોઇન્ટ ઉપર બુકીંગ માટે કોર્નર સ્પેસ આપવા સહિતની માંગ કરી હતી.

કેબુ એસોશિએશન જામનગરની આગેવાની હેઠળ ટેક્સી સંચાલકોએ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરતા જણાવ્યું હતું કે, એરપોર્ટમાં હાલ ખાનગી કારને પીકઅપ-ડ્રોની ગ માટે ૧૨ મીનીટ ફ્રી આપવામાં આવે છે.

જયારે ટેકસી પાસીંગ કાર પાસેથી ડ્રોપીંગ ચાર્જ પણ વસુલવ-ામાં આવે છે. જે ભારત દેશના એક પણ એરપોર્ટમાં વસુલવામાં આવતો નથી. સાથે જ એરપોર્ટ ઉપર પાર્કીંગ લોન્જ છે જેને તાળા મારવામાં આવ્યા હોય પાર્કિંગ લોન્જ શરૂ કરવા માંગણી કરી હતી.વધુમાં ટેક્સી-કેબ સંચાલકોએ રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતે પીકઅપ પોઈન્ટ પાસે નોમિનલ ચાર્જ વસૂલી કોર્નર સ્પેસ ટેબલ-ખુરશી આપવા તેમજ પ્રિ-પેઇડ કાઉન્ટરની સુવિધા આપવા માંગણી કરી હતી. સાથે જ પોલીસ રક્ષણ આપવા બદલ તંત્રનો આભાર પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# પાટણવાવની સગીરા પર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવનાર નરાધમ ઝડપાયો

### યુપીનો પરપ્રાંતીય શખ્સ નાસી જવાની ફીરાકમાં હોય, પોલીસે બે ટીમો બનાવી ગણતરીની કલાકોમાં દબોચી લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પાટણવાવમાં ૧૫ વર્ષની સગીરા પર અવાર-નવાર શારીરીક સંબંધ બાંધી દુષ્કર્મ આચરી સગીરાને ગર્ભવતી બનાવી દીધા બાદ યુપીનો શખ્સ નાસી જવાની ફીરાકમાં હોય પોલીસે ગણતરીની કલાકમાં દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ફરીયાદીએ પાટણવાવ પોલીસમાં હાલ મોટીમારડ વાડોદર રોડ પર આવેલ રાજેશ પોલીસ પ્લાસ કારખાનામાં નોકરી કરતો અને મુળ યુપીનો વતની શીવ બાબુ સલરામ (ઉ.વ.૨૩) નામના શખ્સે ફરીયાદીની સગીર વયની પુત્રી પર તેની મરજી વિરૂધ્ધ બળજબરીથી અવાર-નવાર શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચરી સગીરાને ગર્ભવતી બનાવી દીધી હોવાની ફરીયાદ નોંધાયા બાદ પાટણવાવ પોલીસ મથકના પીઆઇ એમ.જી.ચૌહાણ,



એએસઆઇ પ્રદિપદાન, હેડ. કિશનભાઇ, ગીરીશભાઇ સહિતના સ્ટાફે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. ઉપરોકત બનાવ અતિસંવેદનશીલ હોય અને સગીરાને ગર્ભવતી બનાવનાર આ નરાધમ ઉતરપ્રદેશનો હોય બનાવ જાહેર થયા બાદ તે નાસી જવાની પુરી તૈયારી કરી હોય જેથી પોલીસે તાત્કાલીક બાતમીદારોનું નેટવર્ક કામે લગાડી આ શીવ બાબુ સલરામને ગણતરીની કલાકોમાં દબોચી લઇ વધુ તપાસ શરૂ કરી છે.

# જેતપુરમાં ઘરફોડ ચોરીને અંજામ આપનાર તસ્કર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરમાં આવેલ અમરનગર રોડ પર ઓમ સ્ટીલ નામની હાર્ડવેડની દુકાનમાં ગઇ તા.૨૩-૭ના રોજ રૂ.૪૦ હજારની રોકડની ચોરી થયાની ફરીયાદ નોંધાયા બાદ પીઆઇ વી.એમ. ડોડીયાની સુચનાથી એએસઆઇ ભાવેશભાઇ, હેડ કોન્સ. સાગરભાઇ, શકિતસિંહ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી આ વિસ્તારમાં આવેલ સીસીટીવી કેમેરા ચેક કરી બાતમીદારોનું નેટવર્ક



કામે લગાડી નવાગઢ રેલ્વે સ્ટેશન પાસેથી અમર ઉર્ફે અમિત ઉર્ફે કરણ દિનેશ વાઘેલા (રહે.જુનાગઢ, કાબલસા પીરની દરગાહ પાસે)ને દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી હતી.

# કોટડા સાંગાણી રાજવી પરિવારને પસંદગી મુજબની ૨૦૪ એકર જમીન ફાળવવા આદેશ

### કૃષિપંચ અને મામલતદાર દ્વારા હાઇકોર્ટના નિર્દેશ મુજબ પીપલાણા ગામે જમીન ફાળવવા હુકમ કર્યો: ખેત જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ ચાલતા કેસમાં વિવાદનો અંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારા ૧૯૬૦ હેઠળ રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી ઠાકોર સાહેબની ૧૭૩૧ એકર જમીનમાંથી તેમના વારસદારોને ૨૦૪ એકર એટલે કે ચાર યુનિટ જમીન રાખવાપાત્ર ગણવાના કેસમાં ૪૩ વર્ષ લાંબા કાનૂની જંગ બાદ હાઇકોર્ટના હુકમ મુજબ મામલતદાર અને કૃષિપંચ કોટડા સાંગાણી દ્વારા રાખવા પાત્ર ચાર યુનિટીની જમીનની પસંદગી આપવાના મુદ્દાને સ્વીકારી રાજવી પરિવારના વારસદારોને પીપલાણા ગામે ૭૬.૯૭ હેકટર જમીન ધારણ કરવા હુકમ કરતા વર્ષો જુના વિવાદનો અંત આવ્યો છે.

ખેત જમીન ટોચ મર્યાદા ધારો-૧૯૬૦ હેઠળ ઠાકોર સાહેબ નિર્મળસિંહજી પૃથ્વીસિંહજી વીડીની જમીન સીવાયની એ. ૨૧૧-૧૬ ગું તેઓ ધારણ કરતા હતા.જેમાંથી એ. ૧૨૦ હોલ્ડીંગમાં ગણેલ અને વધારાની જમીન એ.૯૧-૧૬ ગું ફાજલ જાહેર કરવામા આવેલ જેની સામે નાયબ કલેકટર સમક્ષ અપીલ દાખલ કરતા નાયબ કલેકટર સમક્ષ અપીલ દાખલ થતા તે રદ થયેલ જેની નામ. ગુજરાત મહેસુલ પંચ સમક્ષ રીવીઝન અરજી દાખલ થતા તેઓના તા.૧૯/૦૮/૧૯૭૦ ના હુકમથી રીવીઝન અરજી -નામંજુર નામંજુર થતા થતા, અરજદાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ નં.૧૬૫૪/૧૯૭૦ દાખલ થયેલ જે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૨૩/૦૭/૧૯૭૬ ના હુકમથી સ્ટે થયેલ હતી.

ગુજરાત હાઈકોર્ટના તા.૨૩/૦૭/૧૯૭૬ ના રોજ હુકમ થયેલ ત્યારે લેન્ડ સીલીગ એકટમાં તા.૦૧/૦૪/૧૯૭૬ નો સુધારો અમલમાં આવી ગયેલ, જેથી નવા સુધારેલ કાયદા મુજબની કાર્યવાહી કરવાની થતી હોય તે મુજબની સામાવાળા તરફથી અરજી આપવામાં આવતા મામલતદાર અને કૃષીપંચ દ્વારા એ.એલ.સી કેસ નં.૭૪/૭૬ ચલાવી તા.૭/૫/૧૯૮૨ ના રોજ

હુકમ કરવામા આવેલ.જે મુજબ કુલ જમીન એ. ૧૭૩૧-૦૭ ગું ના હોલ્ડીંગમાંથી ચાર યુનીટ એટલે કે એ.૨૦૪-૦૦ ગું. રાખવા પાત્રમાં ઠરાવીને બાકીની જમીન એ.૧૫૨૭-૦૭ ગું. વધારાની જાહેર કરવામા આવેલ હતી.જેમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજવી પરિવારના વારસદારોને રાખવા પાત્ર જમીનમાં વધારાના વારસદારોને જમીન આપવાની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવી ન હતી પરંતુ રાખવાપાત્ર જમીનની પસંદગી કરવા છૂટ આપવામાં આવી હતી.

દરમિયાન મામલતદાર કોટડા અને કૃષિપંચ દ્વારા રાજવી પરિવારના આ ખેત જમીન ટોચ મર્યાદા ધારા હેઠળના કેસમાં રાજવી પરિવારના વારસદારોએ અગાઉ કરેલા વેચાણ વ્યવહાર ધ્યાનમાં રાખી એટલી જમીન બાદ કરી પીપલાણા ગામે ૭૬.૯૭ હેકટર જમીન ધારણ કરવા હુકમ કરવામાં આવ્યો હતો જેમાં સ્વ. નિર્મળસિંહજી પૃથ્વીસિંહજીના વારસો, નરેન્દ્રસિંહજી નિર્મળસિંહજી વારસો, ઈન્દ્રવિજયસિંહજી નિર્મળસિંહજી અને શિવભદ્રસિંહજી નિર્મળસિંહજીના વારસોને રાજપરા અને પીપલાણા ગામના જુદા-જુદા સર્વે નંબરમાં આવેલ ૭૬.૯૭ હેકટર જમીન રાખવા પાત્ર ગણાવી રાજપરા, આણંદપર, મોટા માંડવા અને પીપલાણા ગામની અન્ય ૬૦૨ હેકટરથી વધુ જમીન સરકારપક્ષે ફાજલ જાહેર કરી સરકાર હસ્તક લેવા હુકમ કર્યો હતો.

# મહારાષ્ટ્ર સાયબર ક્રાઇમના અધિકારીની ઓળખ આપી યુવાન સાથે ૮.૯૩ લાખની ઠગાઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં રહેતા યુવાનને મહારાષ્ટ્ર સાયબર ક્રાઇમના અધિકારી હોવાની ઓળખ આપી ફોન પર ધમકી આપી અલગ-અલગ એકાઉન્ટમાં રૂ.૮.૯૩ લાખ જમા કરાવી છેતરપીંડી કર્યાની ફરીયાદ રાજકોટ સાયબર ક્રાઇમમાં નોંધાઇ છે.

આ અંગેની માહિતી મુજબ શહેરમાં રહેતા સુર્યકાંતભાઇ મોહનલાલ રાઠોડ નામના વ્યકિતએ સાયબર ક્રાઇમ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, ગત નવેમ્બર ૨૦૨૪માં તેઓને અજાણ્યા વોટ્સઅપ નંબર પરથી ફોન આવ્યો હતો અને ટેલીકોમ રેગ્યુલેટરી



ઓથોરીટી ઓફ ઇન્ડિયા (ટ્રાય)ની ખોટી ઓળખ આપી ફરીયાદીના નામે બે સીમકાર્ડ હોય જે સીમકાર્ડનો ગેરઉપયોગ થયો હોય તેમ જણાવી ત્યાર બાદ અન્ય અજાણ્યા વ્યકિતએ ફોન કરી પોતે બીકેસી મહારાષ્ટ્રથી સાયબર ક્રાઇમના અધિકારીની ઓળખ આપી કહેલ કે તમારા વિરૂધ્ધ ફરીયાદ આવેલી છે. બોન્ડ ભરવા પડશે તેમ કહી અલગ-અલગ ખાતામાં રૂ.૮.૯૩ લાખ ઓનલાઇન ટ્રાન્જેકશન કરાવી છેતરપીંડી કર્યાની ફરીયાદ નોંધાવતા રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસ મથકના પીઆઇ એસ.ડી.ગીલવાએ તપાસ હાથ ધરી છે.

# તેરા તુજ કો અર્પણ કાર્યક્રમ અંતર્ગત માલવિયાનગર પોલીસે રૂ.૪.૮૧ લાખની મત્તા પરત આપી



***શહેરના માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા બાર અરજદારો સાયબર ક્રાઇમનો ભોગ બન્યા હોય અને રૂ.૩.૩૪ લાખની રકમ ગુમાવી હોય તેમજ ૨૪ મોબાઇલ અરજદારોના ગુમ થયા હોય જે અંગે માલવીયા નગર પોલીસમાં ફરીયાદ કરવામાં આવતા પીઆઇ જે.આર.દેસાઇ ની રાહબરી હેઠળ પીએસઆઇ પી.વી.ડોડીયા, હેડ કોન્સ. કિશોરસિંહ, લોકરક્ષક જયભાઇ, રંજીતસિંહ, દિવ્યાબેન સહિતના સ્ટાફે શોધખોળ આદરી સાયબર ક્રાઇમનો ભોગ બનનાર અરજદારોને રૂ.૩.૩૪ લાખની રોકડ તથા ૨૪ મોબાઇલ સહિત રૂ.૪.૮૧ લાખની મત્તા અરજદારોને માલવિયાનગર પોલીસે પરત તેરા તુજ કો અર્પણ કાર્યક્રમ અંતર્ગત આપી હતી.***

# જામનગર જિલ્લાના નિવૃત્ત સર્કલ ઓફિસરે બહેન સામે નોંધાવી લેન્ડગ્રેબિંગ ફરિયાદ

### પિતરાઈ ભાઈએ રહેવા આપેલું મકાન બહેને પચાવી પાડ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગરના બેડિયા ગામે રહેતા નિવૃત્ત સર્કલ ઓફિસર નરેન્દ્રસિંહ માનસિંહ જાડેજાનું રાજકોટમાં યુનિવર્સિટી રોડ પર ભીડભંજન સોસાયટીમાં આવેલું મકાન પિતરાઈ બહેન (કાકાની પુત્રી) રંજનબા બળદેવસિંહ રાયજાદાએ પચાવી પાડ્યાના આરોપસર લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદની વિગતો મુજબ નરેન્દ્રસિંહ જાડેજા જામનગર જિલ્લામાં સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. ૨૦૦૫માં નિવૃત્ત થઇને વતન બેડિયા ગામે રહે છે. તેઓએ ૩૦ વર્ષ પૂર્વે ૧૯૯૪માં રાજકોટમાં ભીડભંજન સોસાયટીમાં મકાન ખરીદ કર્યું હતું. જે તે સમયે કાકાના પુત્રી રંજનબા કે જે રાજકોટમાં અન્યત્ર ભાડાના મકાનમાં રહેતા હતા જેથી તેમને રહેવા માટે આપ્યું હતું અને બહેન હોવાથી ભાડું પણ લેતા ન હતા. ૨૦૦૫માં નરેન્દ્રસિંહ નિવૃત્ત થતાં તેમણે મકાન ખાલી કરી દેવા કહ્યું હતું. બહેન રંજનબા તથા બનેવી બળદેવસિંહ બન્નેએ થોડા સમયમાં ખાલી કરી આપીશું એમ કહ્યું હતું પણ મકાન ખાલી કર્યું ન હતું. ચંદીગઢના વતની બનેવી બળદેવસિંહ સરકારી કર્મચારી હતા. ૨૦૧૨માં તેઓ નિવૃત્ત થતાં ફરી મકાન ખાલી કરવા કહ્યું હતું. જો કે મકાન ખાલી કરતા ન હતા. જેથી નરેન્દ્રસિંહે કાકાના પુત્ર પિતરાઈ ભાઈઓને વાત કરી તો તેમણે કહ્યું કે રંજનબા અમારું માનતા નથી. બહેન-બનેવી બન્ને મકાન ખાલી કરવાની ના કહી દીધી હતી અને મકાન ખાલી કરવા રૂપિયાની માગણી કરી હતી.

રાજકોટ જિલ્લા પંચાયતમાં ખેતીવાડી વિભાગમાં ફરજ બજાવતા બનેવી બળદેવસિંહનું ચાર વર્ષ પૂર્વે અવસાન થયું હતું. બહેનને મકાન ખાલી કરવા વારંવાર કહેતા હતા પરંતુ નાણાં માગતા હોય તેમના વિરુદ્ધ લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવા રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્રમાં અરજી કરાઈ હતી. જે તપાસ અંતે ગઇકાલે યુનિવર્સિટી પોલીસ દ્વારા રંજનબા બળદેવસિંહ રાયજાદા વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

# હરીધવા મેઈન રોડ પર રેમ્બો રેસીડેન્સીમાં કારખાનેદારનું હાર્ટએટેકથી મોત

### સવારે ન્હાવા ગયેલો યુવક બાથરૂમમાં જ ઢળી પડયો, પરિવારમાં ગમગીની છવાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નાની વયે યુવાનોમાં આવતા હાર્ટ એટેક ચિંતાનો વિષય બન્યા છે. પખવાડિયા પૂર્વે જ ૧૩ વર્ષના બાળક અને ૨૦ વર્ષીય યુવકનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું ત્યારે વધુ એક બનાવ સામે આવ્યો છે. હરિધવા મેઈન રોડ પર આવેલી રેમ્બો રેસીડેન્સીમાં રહેતો ૨૬ વર્ષીય કારખાનેદાર યુવાનને સવારે બાથરૂમમાં સ્નાન કરતી વેળાએ આવેલો હાર્ટ એટેક જીવલેણ નીવડ્યો હતો. ઘટનાને લઈને પરિવારમાં ઘેરો શોક છવાઈ ગયો છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, હરિધવા મેઈન રોડ પર આવેલી રેમ્બો રેસીડેન્સી, શેરી નંબર ૧માં રહેતા ૨૬ વર્ષીય ધ્રુવિકભાઈ રમણીકભાઈ ઠુંમર સવારે ૭ વાગ્યા આસપાસ ઘરે સ્નાન કરવા ગયો હોય ત્યારે મોડે સુધી બાથરૂમમાંથી બહાર ન આવતા પરિવારે દરવાજો તોડતાં યુવક બેભાન હાલતમાં પડ્યો હતો. તત્કાલિક યુવકને સારવાર અર્થે નજીકમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં ખસેડતા તબીબે સિવિલ હોસ્પિટલમાં રિફર કર્યો હતા. અહીં ઈમરજન્સી વિભાગના ડોક્ટરે જોઈ તપાસી ધ્રુવિકને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે જાણ થતા ભકિતનગર પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક ધ્રુવિક બે ભાઈમાં નાનો હતો.અને તેને પોતાનું કારખાનું હતું. ડોક્ટરે પણ યુવકનું મોત હાર્ટ એટેકથી થયું હોવાનું જણાવ્યું હતું. લાડકવાયા પુત્રના મોતી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

# રેલનગરમાં 30 લાખના ડ્રગ્સ સાથે બુટલેગર સહિત બે શખસો ઝડપાયા

### છ વખત પાસાની હવા ખાઈ ચૂકેલા ટિકિટે ચાર દિવસ પહેલાં રાજસ્થાનના પ્રતાપગઢથી ૪૦૦ ગ્રામ ડ્રગ્સ મંગાવ્યું'તું જેમાંથી ૧૦૦ ગ્રામ વેચી નાખ્યાનું રટણ: એસઓજીએ ટિકિટ અને તેના સાગરિતને ૩૦૦ ગ્રામ ડ્રગ્સ સાથે દબોચ્યા: બન્ને ઓફિસમાં ડ્રગ્સની પડીકી વાળી રહ્યા હતા'ને પોલીસ ત્રાટકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)એ રેલનગરમાં ૮૦ ફૂટ મેઈન રોડ પર આવેલા ગુલમહોર પ્લાઝાની ઓફિસ નં.૧૦૬ કે જે શિવ સેલ્સના નામે સંચાલિત થઈ રહી હતી ત્યાં દરોડો પાડીને ૩૦ લાખની કિંમતના ૩૦૦ ગ્રામ ડ્રગ્સ સાથે બે શખસોને દબોચી લીધા હતા. પકડાયેલો એક શખસ વારંવાર ગુના કરવાની ટેવ ધરાવતો હોય અને અત્યાર સુધી દારૂનો ધંધો કરી રહ્યો હતો પરંતુ તેમાં નફો ઓછો અને જોખમ વધુ હોય દારૂનો ધંધો બંધ કરી એક વર્ષથી ડ્રગ્સ વેચવાના ધંધે ચડયો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજા, પીએસઆઈ એસ.બી. ધાસુરા ઉપરાંત એએસઆઈ ફિરોઝ રાઠોડ, અરુણ બૌભણિયા, ગાદિલ શક પરમાર, ઉપેન્દ્રસિંહ ઝાલા સહિતની ટીમે રેલનગરમાં શિવ સેલ્સ નામની ઓફિસમાંથી રણજીત ઉર્ફે કાનો ટિકિટ અરવિંદભાઈ ગોહેલ (રહે. કોઠારિયા મેઈન રોડ) અને હિતેન્દ્રસિંહ ઉર્ફે હકો કડી ભૂપતસિંહ જાડેજા (રહે.રેલનગર)ને ૩૦૩.૯૩ ગ્રામ ડ્રગ્સ, મોબાઈલ, રોકડ તેમજ વજન કાંટો મળી ૩૦.૫૩ લાખના મુદ્દામાલ સાથે પકડયા હતા.



જ્યારે પોલીસે દરોડો પાડ્યો ત્યારે આ બન્ને એક-એક ગ્રામ ડ્રગ્સની પડીકી વાળી રહ્યા હતા. બન્નેને પકડી આગવી ઢબે પૂછપરછ કરતા ચાર દિવસ પહેલાં રાજસ્થાનના પ્રતાપગઢથી એક શખસ ૪૦૦ ગ્રામ ડ્રગ્સ રાજકોટ આવીને આપી ગયાનું અને તેમાંથી ૧૦૦ ગ્રામ જેટલું ડ્રગ્સ બંધાણીઓને વેચી નાખ્યાનું રટણ કર્યું હતું.

તપાસમાં ખુલ્યા પ્રમાણે રણજીત ઉર્ફે કાનો ટિકિટ એક રિઢો ગુનેગાર હોય મારામારી, દારૂની હેરાફેરી સહિતના ૯ ગુના તેની સામે નોંધાઈ ચૂક્યા છે અને તે છ વખત પાસાની પણ હવા ખાઈ ચૂક્યો છે. જ્યારે હિતેન્દ્રસિંહ ઉર્ફે હકો જાડેજા સામે ત્રણ ગુના અને એક વખત પાસાના પીંજરે પૂરાયાનું ખુલ્યું હતું.

# માંડા ડુંગર પાસે નકલંક પાર્કમાં ૨૪૦ વિદેશી દારૂના ચપલા ઝડપાયા: બુટલેગર ફરાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભાવનગર રોડ પર આજીડેમ ચોકડી પાસે આવેલ માંડા ડુંગરમાં નકલંક પાર્કમાં રહેતા બુટલેગરના રહેણાંક મકાનમાં ગુન્હા નીવારણ શાખાની ટીમે દરોડો પાડી ૨૪૦ વિદેશી દારૂના ચપલા ઝડપી લઇ બુટલેગરને શોધખોળ શરૂ કરી છે.




આ અંગેની માહિતી મુજબ ગુન્હા નીવારણ શાખાની ટીમના એએસઆઇ મહિપાલસિંહ ઝાલા, ધનશ્યામસિંહ ચૌહાણ, હેડ કોન્સ. હરદેવસિંહ રાણા સહિતનો સ્ટાફ ભાવનગર રોડ પર માંડા ડુંગર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે નકલંક પાર્ક શેરી નં.૧માં રહેતો બુટલેગર વિક્રમ ઉર્ફે ભુરો રમેશ ચાવડાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂના ચપલા નંગ ૨૪૦ કિં. રૂ.૩૬૦૦૦નો મુદ્દામાલ મળી આવતા પોલીસે બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

# કાલાવડ રોડ પર બાંધકામ સાઈટ પર યુવતીનો ફાંસો ખાઇ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કાલાવડ પર બાંધકામ સાઈટમાં ૧૯ વર્ષીય શ્રમિક પરિવારની યુવતી ગળાફાંસો ખાઇ જિંદગી ટૂંકાવી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. ઘટના અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, કાલાવડ રોડ પર અવધના ઢાળીયે આવેલી ગોલ્ડન-૧૦ નામની બાંધકામ સાઈટ પર ૧૯ વર્ષની અસ્મિતા કબુરભાઈ રાવત નામની યુવતીએ હુકમાં ચુંદડી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવ અંગે ૧૦૮ની ટીમને જાણ થતાં ફરજ પરના તબીબે યુવતીને મૃત જાહેર કરી પોલીસમાં નોંધ કરાવી હતી. જેથી યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી



બાદ મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક અસ્મિતા મૂળ દાહોદની વાતની હતી તેમજ અહિં નાના ભાઈ રાકેશ અને બહેન-બનેવી સાથે બાંધકામ સાઈટની ઝૂંપડીમાં રહેતી હતી. ઘટનાના દિવસે સાંજે, મજૂરીનું કામ પૂરું થયા બાદ અસ્મિતાએ રસોઈ માટે લાકડાં લેવા જવાનું કહીને બાંધકામ સાઈટ પર જઈ આપઘાત કરી લીધો હતો. જો કે તેણીએ ક્યાં કારણસર આ પગલું ભર્યું તે સામે ન આવતા પોલીસે તપાસ યથાવત રાખી છે.

# મારામારી કરવાની ટેવવાળા ધરાવતા વિધર્મી શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં અનેક સ્થળોએ નજીવી બાબતે મારામારી કરવાની ટેવ ધરાવતા વિધર્મી શખ્સની ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે.



આ અંગે જાણવા મળતી મહિતી મુજબ અગાઉ અનેકવાર મારામારી કરવાના ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલ અને જીલ્લા ગાર્ડન પાસે નવીઘાચી વાડ શેરી નં.૭માં શાળા નંબર ૪૮ સામે રહેતો અકરમ રફીક દાઉદાણીને ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલા સહિતના સ્ટાફે દબોચી લીધો હતો આ શખ્સ અગાઉ અનેકવાર મારામારી કરવાના ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકયો છે. થોડા સમય પહેલા જ પેટ્રોલપમ્પ પર કામ કરતા માણસને ધમકી આપી માર માર્યો હોવાની ફરીયદ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાઇ હતી.

# નામચીન બુટલેગર હર્ષદ મહાજનનો પુત્ર પાસામાં ધકેલાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના અનેક પોલીસ સ્ટેશનમાં દારૂના ગુન્હામાં ચડી ચુકેલા નામચીન બુટલેગર હર્ષદ મહાજનના પુત્રને મારામારીના ગુન્હામાં પોલીસે પાસામાં અમદાવાદ જેલમાં ધકેલી દીધો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગાંધીગ્રામ-૨ યુની. પોલીસ વિસ્તારમાં મારામારી જેવા શરીર સંબંધી ગુન્હાઓમાં સંડોવાયેલા ઇશમોને પાસા તળે જેલ હવાલે




કરવા પોલીસ કમિશનરએ કરેલા આદેશ મુજબ પીઆઇ એચ.એન.પટેલ, જે.એન.ખટાણા, હેડ કોન્સ. મહિપાલસિંહ સહિતના સ્ટાફે સિનર્જી હોસ્પિટલ પાછળ ૧૫૦ ફૂટ રીંગ પર આવેલા સુંદરમશિલ્પ એપાર્ટમેન્ટમાં રહેતો જેનીશ હર્ષદ ઉર્ફે મહાજન માણેકલાલ માંડલીયાની અટકાયત કરી તેના પાસાના કાગળો તૈયાર કરી અમદાવાદ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.